# ખુબાને ચમન બોલ ઉઠે ''યા મઝહરલ જમીલ''

આ દુનિયા એક આશ્ચર્યજનક દુનિયા છે. તેના કણેકણમાં કેટલી અજાયબીઓ છુપાએલી છે. કેટલી રોનક તેના ઉપર રાત દિવસ વરસી રહી છે. કેટલા નુરોથી/પ્રકાશોથી તેની ક્ષિતિજો જગમગી રહી છે. કેટલી ખુશ્બુ તેના હવામાનમાં પ્રસરેલી છે. પક્ષીઓના કેટલાય નગમા મીઠા ફિતરી અવાજમાં ઉભરી રહ્યા છે. આ દુનિયા કેટલી ખુબસુરત છે, પોતાની બધી નાજુકતા છતા તે પોતાની પીઠ ઉપર ખડકો અને પર્વતોની ધારાઓને ઉપાડી રહેલ છે. દરિયાના ઉછળતા મોજાઓને પોતાના પાલવમાં લઈને હાલરડાં ગાઈ રહી છે. લીલા જંગલોની સિંચાઈ કરવાનું ચૂકતી નથી. ઉજ્જડ રણની રેતીની મટી જતી, ઉભરતી, બનતી અને બગડતી ટેકરીઓમાં રહેતી જીવ સૃષ્ટિને ખોરાક પહોંચાડી રહી છે. દૂર દૂર સુધી ફેલાએલ રણ પ્રદેશમાં ભટકતા મુસાફરોને ઉંટો થકી માર્ગ દેખાડીને મંઝીલ સુધી પહોંચાડી રહી છે. જાનદાર, જો થીજી જવાય એવી ઠંડીમાં ધ્રુજી રહ્યા હોય તો તેઓને રક્ષણ આપે છે. જો ગરમીથી લોકો દાજી રહ્યા હોય તો તેઓને હરીયાળા ઝુંડની ઠંડક આપે છે. જયાં લીલીછમ ખીણો છે ત્યાં વસંતનો થનગનાટ આપે છે. જ્યાં નદીઓ થનગનતી હોય ત્યાં તેને પાણી અને ચમક આપી સુંદર દ્રષ્યોથી સજાવે છે.

આ દુનિયા કેટલી સુંદર છે. આ ખુબસુરત દુનિયામાં હઝરત આદમનો વંશ અસ્તિત્વમાં આવ્યો તો આ બદલતી ઋતુઓમાં આ દુનિયાના નિખરતા સૌંદર્ય અને રૂપને જોઈને ભયભીત થઈ રહ્યો હતો. ચારે તરફથી વિખરાતા રંગોથી તેના હોંશ ઉડી ગયા. પછી તો આ આદમનો વંશ ફેલાતો ગયો, વધતો ગયો. જુદા જુદા સમૂહના માનવીઓએ તેના દરેક ક્ષેત્રમાં ફેલાવાનું શરૂ કર્યુ. સંસ્કૃતિ જુદા જુદા સ્વરૂપે જોવા મળી. રીત રિવાજોના સિક્કા બનતા ગયા પછી આ દુનિયા રાજ્યો અને દેશોમાં વહેંચાઈ ગઈ. ખાણોમાંના ખજાનાઓ જમીનમાંથી કાઢ્યા. તીર, તલવાર, બંદુકથી માંડીને ન જાણે કેટલા ખતરનાક શસ્ત્રો તૈયાર થયા જેની ફરિયાદ ઈકબાલે ખુદાવન્દે મોતઆલ તરફથી આ રીતે કરી છેઃ

| | |
|---|---|
| મેં દુનિયાને એક પાણી અને માટીથી પૈદા કરી | તેં ઈરાન તાતાર અને ઝંગ બનાવ્યું |
| મેં માટીમાંથી સાફ પોલાદ પૈદા કર્યુ, | તેં તલવાર, તીર અને બંદુક બનાવી. |
| તેં ચમનના ઝાડોને કુહાડી બનાવી | તેં પાંજરૂ બનાવ્યું નગ્માં કરતા પંખીઓ માટે |

જ્યારે આદમનો વંશ દુનિયામાં ફેલાયો ત્યારે ખુના મરકીની દાસ્તાનો રજૂ થવા લાગી. આ ઝમીન પર આદમના સંતાનોના લોહીની નદીઓ વહેવા લાગી. માનવી ઉપર માનવીનો ઝુલ્મ વધવા લાગ્યો. તાકતવરોએ મઝલુમો પર કબ્જો કરવાનું શરૂ કર્યુ, અલ્લાહ તઆલાએ આ જમીનને પૈદા કરી હતી અને તેને અસંખ્ય નેઅમતોથી શણગારી હતી. તેણે પોતાના માટે કહ્યું હતું કે ''હું એક છુપાયેલો ખજાનો છું. હું ચાહું

અનુસંધાન પાના નં. ૩૦ પર

# ''અય્ન મુહ્યી મઆલેમીદ્ દીને વ અહ્લેહી?''

*''કયાં છે તે, જે દીનની નિશાનીઓ અને તેના માનવાવાળાઓને નવું જીવન બખ્શશે. ?''*

આ વાકય દોઆએ નુદબાનું છે. જે આપણે સામાન્ય રીતે હર જુમ્આના દિવસે સવારે પડીએ છીએ. અને આવા અસંખ્ય વાકયોથી આપણે આપણા દિલોને આપણા ઈમામની યાદથી નુરાની કરીએ છીએ. આ વાકય દોઆનું હોવા છતાં વાકચાતુર્યથી ભરપૂર છે. રજુઆતની પધ્ધતિ પ્રશ્નાર્થવાચક છે 'કયાં છે ?' યાદ કરનારની ચિંતા, બેચૈની અને ઈમામની જુદાઈમાં દિલના રંજની હાલત પ્રતિબિંબીત કરે છે. અને જે દીનના શિક્ષણને જીવન બક્ષે તે આ વાકચાતુર્યથી ભરપૂર વાકય છે જે એક યુગથી બીજા યુગમાં પસાર થતા ઈતિહાસ અને પ્રતિકુળ સંજોગોને આવરી લે છે. આ વાકયનું વિવરણ અને સમજુતી અહીં કરવી તો શકય નથી તેથી અમે અહીં ખૂબજ ટૂંકાણમાં વાંચકો માટે એક વિવેચન કરવાનો લાભ જરૂર મેળવી શકીએ છીએ.

એ એક હકીકત છે કે ખુદાવંદે આલમે માનવીની ખુશબખ્તી અને નજાત માટેના નિયમો કુરઆને કરીમ અને હઝરત રસુલે ખુદા (સ.અ.વ.)ની પાક જીવન ચારિત્ર્ય સ્વરૂપે આપ્યા હતા અને જેને હ. રસુલે ખુદા (સ.અ.વ.) એ પોતાના પછી પાક અહલેબૈત (અ.સ.)ના સ્વરૂપે ઉમ્મતના હવાલે કર્યા હતા જેને વળગી રહેવું દરેક પ્રકારની ગુમરાહીથી નજાતની જામીનગીરી હતી. પરંતુ ઉમ્મતે આ દીનનું સંપૂર્ણ રીતે રક્ષણ ન કર્યુ. એટલુંજ નહિ બલ્કે પોતાની ગરજ અને હેતુઓના આધારે તેનું અયોગ્ય અર્થઘટન કર્યુ અને તેને બદલવામાં કોઈ કસર બાકી ન રાખી.

આથી હઝરત અલી બીન અબી તાલીબ (અ.સ.) એ રસુલે ખુદા (સ.અ.વ.) ની વફાત પછી તેમની વસીયત મુજબ કુર્આનને ક્રમાનુસાર ગોઠવ્યું અને ત્યાં સુધી ઘરની બહાર ન નીકળ્યા, જ્યાં સુધી કુરઆનનું કાર્ય પુરૂ ન થયું અને જ્યારે રસુલે ખુદાની વસિયત મુજબ અને તેમની તઅલીમ મુજબ કુરઆનને યોગ્ય ક્રમાનુસાર ગોઠવી, સંપૂર્ણ રીતે તૈયાર કરીને જ્યારે તે સમયની હુકુમતને સુપ્રત કર્યુ ત્યારે હુકુમતે પોતાની મસલેહતોને અગ્રતા આપી આ એ કુર્આનને સ્વીકાર્યુ નહીં, જેને 'બાબે મદીનતુલ ઈલ્મે' તૈયાર કર્યુ હતું, આ એક તરફ...

જ્યારે બીજી તરફ ઈસ્લામની તઅલીમ અને ઇલાહી જ્ઞાનનો મહત્વનો સ્ત્રોત રસુલે ખુદા (સ.અ.વ.)ની હદીસો હતી. આપે પોતાના ૨૩ વર્ષના રિસાલતના કાર્યકાળ દરમ્યાન ડગલેને પગલે પોતાના કાર્યો અને કથનોથી ઈસ્લામના હુકમો દર્શાવ્યા હતા. તે સમયની હુકુમતે પોતાની ''મસ્લેહતો''ના કારણે હદીસોના લખવા ઉપર પણ નિયંત્રણ મૂકી દીધું. આ રીતે રસુલે ખુદા (સ.અ.વ.) એ પોતાના કથનોથી ઈસ્લામી તાલીમનું જે શિક્ષણ આપ્યું હતું, તે અસહાબોની યાદશક્તિ સુધી મર્યાદીત થઇ ગયું અને ધીરે ધીરે તેઓના હૃદયમાં દફન થઇ ગયું.

ત્રીજી તરફ પવિત્ર અહલેબૈત (અ.મુ.સ.) અને દીનના રક્ષણકારો અને દીનના શિક્ષકોને ઘરમાં નઝરકૈદ કરી દીધા કે જેઓને ખુદા અને રસુલે દીનની તાઅલીમના કેન્દ્ર જાહેર કર્યા હતા. જેઓને તમામ ઈલ્મો અર્પણ કરવામાં આવ્યા હતા. તેઓને ઘરના ખુણામાં ધકેલી દીધા. આ હસ્તીઓ ઉપર જાત જાતના નિયંત્રણો લાદવામાં આવ્યા. જો કે જ્યારે કોઈ મુશ્કેલી ઉભી થતી હતી અને તેનો કોઈ ઉકેલ મળતો ન હતો ત્યારે તે અહલેબૈત (અ.સ.) સમક્ષ જરૂર રજુ થતા હતા.

ઉપર દર્શાવેલ હકીકતોને દ્રષ્ટિ સમક્ષ રાખીને આ હકીકત ઉપર જરા ધ્યાનથી વિચાર કરો.

માનવ જીવનમાં પ્રશ્નો ઓછા નથી. દરરોજ નવા નવા પ્રશ્નો ઉભા થતા રહે છે. ઈસ્લામનું શિક્ષણ માત્ર થોડા એહકામ પુરતુ મર્યાદિત નથી. પરંતુ તે જીવનના તમામ પ્રશ્નોને આવરી લે છે. ઝીંદગીનો કોઈ એવો પ્રશ્ન નથી જેના બારામાં ઈસ્લામમાં કોઈ હુકમ આપવામાં આવ્યો ન હોય.

આ સંજોગોમાં જ્યારે ઈસ્લામી શિક્ષણ અને ઇલાહી જ્ઞાનના મૂળ કેન્દ્રો ઉપર નિયંત્રણ લાદવામાં આવ્યું ત્યારે લોકો તેઓના રોજ બ રોજના પ્રશ્નોમાં પોતાની પસંદગી અને નાપસંદગી મુજબ અમલ કરવા લાગ્યા. લોકો પોતાના મર્યાદિત જ્ઞાનના આધારે કુરઆનની તફસીર રજુ કરવા લાગ્યા. અહિં ધ્યાનમાં રાખવા જેવી હકીકત એ છે કે આવા લોકોમાં વધુ સંખ્યા એ લોકોની હતી જે લોકો પોતાના જીવનનો મોટો ભાગ શીર્ક અને કુફ્રમાં પસાર કરી ચૂકયા હતા. જે લોકોએ ઇસ્લામના પહેલાના રીત રિવાજો મુજબ ખૂબ લાંબો સમય પસાર કર્યો હતો. એ રિવાજો તેઓની આદતોમાં ઘર કરી ગયા હતા. જ્યારે માણસને કોઈ બાબતની આદત પડી જાય છે, તો પછી તે તેની બુરાઈની તરફ ધ્યાન નથી આપતો. આથી તેઓની માન્યતા પર જુના રીત રિવાજોની અસર ન થવી તે તેઓની આદતના કારણે શકય નથી. આ લોકો સામાન્ય જનતાની નજરમાં ઘણા પવિત્ર છે. તેઓ સહાબાના સૌથી પવિત્ર લકબથી શોભાયમાન છે. તેઓની દરેક બાબતને લોકોએ દીન ગણ્યો. પરિણામ એ આવ્યું કે દીનની તફસીર અને સમજુતિમાં માનવના વિચારો અને અભિપ્રાયો શામીલ થઇ ગયા. જો કે આ ફેરફારો ધીરે ધીરે થયા. તેથી કોઈને તેનો એહસાસ સુધ્ધા ન થયો. પછી એક સમય એવો આવ્યો કે આ બધી બાબતો દીનનો એક ભાગ ગણાવા લાગી.

હવે આ પ્રશ્નનો જવાબ સ્પષ્ટ થઇ જાય છે કે દીને મોહમ્મદીની તાલીમોને પુનઃસજીવન કરવાની જરૂર છે. અને શું કોઈ છે કે જે પુનઃ જીવન અર્પણ કરશે ? દેખીતું છે કે દરેક જણ હેરાન છે કે શું કારણ છે કે આ પાક દીનમાં પહેલા જેવી તાસીર બાકી નથી ?

અલ્લામા ઈકબાલે તેના અશઆરમાં ઈસ્લામની ખરાબ હાલતનો નૌહો પડયો છે. આખર શા માટે ? તેનો જવાબ આ છે. અસર તે ઈસ્લામમાં હતી જે હઝરત રસુલે ખુદા (સ.અ.વ.) ની માઅસુમ ઝબાનથી રજુ થયો હતો. જે કોઈપણ પ્રકારના ફેરફાર વગર લોકો સુધી પહોંચ્યો હતો. ઈસ્લામ શુધ્ધ હતો, તેથી તેમાં અસર પણ હતી. હવે અત્યારે જે ઈસ્લામ ઉપર લોકો અમલ કરી રહ્યા છીએ તેમાં કેટલુક ખુદાએ ઉતારેલુ છે અને કેટલુક ઈન્સાનોની પોતાની તફસીરો છે. જો અત્યારે એ જ અસલ અને ખાલીસ ઈસ્લામ હોત જે રસુલે ખુદા (સ.અ.વ.) એ બયાન કર્યો હતો તો મુસલમાનોમાં વૈચારિક મતભેદ ન હોત. આ મતભેદો ખુદ દર્શાવી રહ્યા છે કે બધું શુધ્ધ નથી, તેમાં ભેળસેળ જરૂર છે. બધુંજ ખુદાએ ઉતારેલું નથી. તેનું કારણ એ છે કે ખુદાવંદે આલમે કુરઆનનું અલ્લાહ તરફથી હોવાની એક દલીલ આ રીતે રજુ કરી છેઃ

*''વલવ કાન મિન ઈન્દે ગયરિલ્લાહે લવજદૂ ફીહિખતેલાફન કસીરા''*

*''જો ખુદા સિવાય બીજા કોઈએ નાઝીલ કર્યુ હોત તો તેમાં ઘણા જ મતભેદો હોત''*

(સુરે નિસાઅ્ આ.૮૨)

મતભેદો હોવા તે એ વાતની મજબુત દલીલ છે કે બધુ જ અલ્લાહનું ઉતારેલુ નથી.

હવે જ્યારે એ ખાત્રી થઈ ગઈ કે ભેળસેળ થઈ છે અને ચોકકસ થઈ છે. પરંતુ ખબર નથી કે કેટલી છે અને શું છે? ખાલીસ અને ભેળસેળની ઓળખ માટે ''કસોટી''ની જરૂર છે. જેના પર પારખી શકાય અને ચકાસી શકાય. ખુદાવંદે આલમે દરેક ઝમાનામાં કસોટી, હક અને બાતીલના માપદંડ મઅસુમ ઈમામોની નિમણુંક કરી છે. હુકુમતોએ હક અને બાતીલના આ સ્પષ્ટ અને ખુદાએ નક્કી કરેલા માપદંડને કૈદખાનાઓમાં રાખ્યા...

અથવા તો એટલા પહેરાઓમાં રાખ્યા કે સામાન્ય લોકોની તેમના સુધી પહોંચ શકય ન હતી.

જ્યારે ખુદાવંદે આલમે હઝરત વલી અસ્ર હુજ્જતિબ્નિલ હસન અસકરી (અ.સ.)ને ઝુહુરની પરવાનગી આપશે ત્યારે હક અને બાતીલનો ખુદાઈ માપદંડ જાહેર થશે. હઝરતે ઈમામ મહદી (અ.સ.) આવશે. તે માઅસુમ છે. તેમની પાસે ખુદાવંદે આલમે ઉતારેલ અને હઝરત રસુલે ખુદા (સ.અ.વ.) એ બયાન કરેલ મૂળ ઈસ્લામ મૌજુદ છે. તે કુરઆનના વારસદાર છે. જ્યારે તે ખુદાના હુકમથી જાહેર થશે અને મૂળ ઈસ્લામને રજુ કરશે ત્યારે લોકો તે અસલી ઈસ્લામ જોઈને કહેવા લાગશે કે આ તો નવો ઈસ્લામ છે!! તેનું કારણ એ છે કે લોકો ભેળસેળવાળા આ દીનથી ટેવાઈ ગયા છે. જેમાં લોકોની માન્યતાઓને ભેળવી દેવામાં આવી છે. આ ઈસ્લામની સરખામણીમાં હઝરતની તરફથી રજુ કરવામાં આવેલ ઈસ્લામ લોકોને નવો લાગશે. ઈસ્લામ નવો નહિ હોય બલ્કે બધી ભેળસેળથી પાક અને સાફ ઈસ્લામ હશે.

## ગુમરાહીભરી વિચારધારા

ઝહુરની પછી હઝરત વલી અસ્ર અ.સ.ને જે મુશ્કેલીઓનો સામનો કરવો પડશે, તેમાંથી એક મુશ્કેલી ગુમરાહીભરી વિચારધારા છે. જે લોકો લાંબા સમય સુધી એક વિચારને વળગી રહ્યા હોય, તેને ખુબ સિંચાઇ કરી હોય તેના બચાવમાં અનેક મોરચાઓ માંડ્યા હોય, તેને ત્યજી દેવુ તે લોકો માટે ઘણું મુશ્કેલ છે. આ મુશ્કેલી કાફીરોની તરફથી નહી હશે. કાફીરો મુસલમાન બન્યા પછી પોતાની બધી માન્યતાઓ અને મંતવ્યો ત્યજી દેશે તે તેમના કોઈ અભિપ્રાયને ખોટો સાબિત કરવા માત્ર એટલું પૂરતુ હશે કે આ કાફીરોનો અભિપ્રાય છે. તે પોતાની માન્યાતાના ટેકામાં કુરઆન અને હદીસથી દલીલ રજુ નહિ કરે. પરંતુ મુસલમાન અને ખાસ કરીને મુસ્લીમ આલીમો કે જે લોકોએ લાંબા સમય સુધી પોતાના મગજમાં પોતાની વિચારધારાઓને ઈસ્લામ સમજીને પરવરીશ કરી છે અને તેની તરફ બીજા લોકોને કાયદેસર દાઅવત આપી હોય તેની સચ્ચાઈ સાબિત કરવા માટે કુરઆન અને હદીસથી દલીલો રજુ કરી હોય તે લોકોની સામે જ્યારે વાસ્તવિક અને સાચો ઈસ્લામ રજુ કરવામાં આવશે ત્યારે આ લોકો જબરદસ્ત વિરોધ કરશે. આવા ત્રણ પ્રકારના લોકો હશે

૧. દુનિયાદાર આલીમો
૨. સંપત્તિવાન લોકો
૩. ઈસ્લામના નામથી હુકુમત કરનારા લોકો

આ તે લોકો હશે જેની વિચારધારા અને માન્યતાઓની ઝહુરની પછી કોઈ કિંમત નહીં હોય. ઈમામ સાદિક (અ.સ.) એ આ હકીકતને આ રીતે રજુ કરી છે:

*"ઈન્ન કાએમના એઝા કામસ્તકબલ મિન જહલતિન્નાસે અશદ્દ મિમ્મસ્તકબલહુ રસૂલુલ્લાહે મિન જુહહાલીલ્જાહેલીય્યતે ફ કુલ્તો વ કય્ફ ઝાલેક?*

*કાલ : ઈન્ન રસૂલલ્લાહે સલ્લલાહો અલય્હે વ આલેહી અતન્નાસ વહુમ યઅબોદૂનલ હેજારત વસ્સોખૂર વલ ઈદાન વલ ખોશોબલ મનહૂતત વ ઈન્ન કાએમના એઝા કામ અતન્નાસ વ કુલ્લોહુમ યતઅવ્વલો અલય્હે કેતાબલ્લાહે વ યહતજ્જો અલય્હે બેહી"*

(ગયબતે નોઅમાની, પા. ૨૯૭)

*"જે સમયે અમારા કાએમ (અ.સ.)નો ઝહુર થશે ત્યારે તેમને તે સમયના જાહીલો તરફથી એટલી સખ્ત મુશ્કેલીઓનો સામનો કરવો પડશે જેટલો રસુલે ખુદા (સ.અ.વ.)ને તેમના સમયના જાહીલોથી સહન કરવું પડ્યું ન હતું."*

રાવીએ તેનું કારણ પૂછયું, ઈમામ સાદિક (અ.સ.) એ જવાબમાં ફરમાવ્યું

*"જ્યારે રસુલે ખુદા (સ.અ.વ.) લોકો પાસે દીને ઈસ્લામ લઈને આવ્યા ત્યારે લોકો પથ્થરોની શિલાઓની, લાકડીઓની અને કોતરેલી મૂર્તિઓની પૂજા કરતા હતા. પરંતુ જ્યારે અમારા કાએમ (અ.સ.)નો ઝહુર થશે અને તેઓ લોકોની સામે આવશે ત્યારે દરેક તેમની સામે કુરઆનથી*

*દલીલ રજુ કરશે.''*

સ્પષ્ટ છે કે આ બધી દલીલો લોકોના ભૂલ ભરેલા અને અધુરા ઈલ્મના પાયા ઉપર હશે. ઈમામ (અ.સ.) ની સામે તસ્લીમ (સમર્પિત) થવાનો અર્થ પોતાનુ ઘડેલું વ્યકિતત્વ અને પોતાના વિચારો, ખયાલી મોભો ત્યજી દેવાનું રહેશે. પોતાની આગેવાની અને સત્તાને છોડી દેવું સહેલું નથી, પરંતુ તે સમય કાંઈક જુદો હશે. તે સમયે લોકોને કોઈપણ પ્રકારના ફીત્ના ફસાદ કરવાની પરવાનગી નહિ હોય. જે લોકો પોતાની બાતીલ માન્યતાઓને છોડશે નહી તેઓને ખુબજ કડક શિક્ષાઓનો સામનો કરવો પડશે.

ઉપર દર્શાવેલ સમજૂતિ હેઠળ વધુ સ્પષ્ટીકરણ અને વધુ હકીકતોને જાહેર કરવા માટે ગયબતના ઝમાનાની દોઆઓમાંથી એક અગત્યની દોઆ અબુલ હસન ઝર્રાબ ઈસફહાનીની સલવાત છે. આ દોઆની તાઅલીમ તેમને હઝરત વલી અસ્ર (અ.સ.) એ મક્કામાં આપી હતી. આ સલવાતના બારામાં જનાબ સય્યદ બીન તાઉસ અ.ર. નું બયાન છે:

''જો તમે જુમ્આના દિવસે અસ્રના સમયે બીજી તઅકીબાત ન પડી શકો તો આ સલવાતને કયારેય પણ છોડતા નહી. ખુદાએ તેના અજબ મહત્વની અમને જાણ કરી છે.'' આ સલવાત અર્થની દ્રષ્ટીએ ઘણી ભવ્ય છે. આ સલવાતના અમુક વાકયો આ રીતે છે:

***''અલ્લાહુમ્મ જદ્દીદ બેહી મમ્તહા મિન દીનેક વ અહ્યે બેહી મા બુદ્દેલ મિન કેતાબેક વ અઝહીર બેહી મા ગુય્યેર મિન હુકમેક હત્તા યઊદ દીનોક બેહી વ અલા યદય્હે ગઝન્ જદીદન્ ખાલેસન્ મુખ્લસન્ લા શક્ક ફીહે વલા શુબ્હત મઅહુ વલા બાતેલ ઈન્દહૂ વલા બિદઅત લદય્હે''***

(મફાતીહુલ જીનાન આઅમાલે રોઝે જુમ્આ)

***''અય ખુદા! તારા દીનની એ બાબતો જેનો નાશ કરવામાં આવ્યો છે તેમના (ઈમામ અ.સ.) થકી તેને પુનઃ જીવિત કર. તારી કિતાબનું જે ઈલ્મ બદલી નાખવામાં આવ્યું છે, તેમના (ઈમામ અ.સ.) થકી તેને ફરી નવજીવન આપ. તે એહકામો જેને બદલી નાખવામાં આવ્યા છે તેમના (ઈમામ અ.સ.) થકી તું તે એહકામને જાહેર કર. ત્યાં સુધી કે તારો દીન તેમના થકી અને તેમના હાથે તરો તાજા, હરીયાળો અને મહેકતો, નવો નવો, સ્વચ્છ, નિખાલસ, દરેક પ્રકારની ભેળસેળથી પાક અને સાફ એ રીતે ફરી પાછો ફરે, જેમાં જરા પણ શંકા કુશંકા ન રહે. કશું બાતીલ તેમાં આવે નહી અને કોઈ બિદઅતનું નામ નિશાન ન હોય.''***

સ્પષ્ટ દીને ઈસ્લામના મૂળ સ્વરૂપને બદલતું જોઈને ગયબતના સમયની પહેલા આપણા ઝમાનાના ઈમામ હઝરત વલી અસ્ર(અ.સ.) કે જે ''મોહયી મઆલેમીદ્દીન'' છે તેમના માટે મઅસુમ ઈમામોએ દોઆની તાઅલીમ આપી છે. દોઆ કરવાની તાકીદ કરી છે અને આ અંગે અસંખ્ય દોઆઓ શીખવાડી છે. આ અંગેની એક મહત્વની દોઆ ઈમામ રેઝા(અ.સ.)એ તેમના સહાબી યુનુસ બીન અબ્દુર રહેમાનને શીખવી છે. આ દોઆ જુમ્આના દિવસના અઅ્માલમાં બતાવવામાં આવી છે. આ દોઆ સામર્રામાં પવિત્ર સરદાબના અઅ્માલમાં પણ વર્ણવવામાં આવેલ છે. જનાબ મોહદ્દીસે કુમ્મી(અ.ર.)એ મફાતીહુલ જીનાનમાં તે ઈમામે અસ્ર(અ.સ.)ની ઝિયારતના પ્રકરણમાં લખેલી છે. આ દોઆ ઈમામ અસ્ર(અ.સ.)ની સલામતીની દોઆ છે. આ દોઆ તેની વિગતની દ્રષ્ટિએ પણ ઘણી મહત્વની છે. આ દોઆને પાબંદીની સાથે પડવી ઘણી અસર ધરાવે છે અને વલી અસ્ર (અ.સ.)ની મહેરબાનીઓનું કારણ બને છે. આ દોઆનું નીચેનું વાકય આપણા આ લેખ સાથે સંબંધ ધરાવે છે. જે વાંચકો સમક્ષ રજુ કરીએ છીએ.

***''વ અઈઝ્ઝ બેહીલ મોઅમેનીન વ અહ્યે બેહી સોનનલ મુર્સલીન વ દારેસ હુકમીન નબીય્યીન વ જદ્દીદ બેહી મમ્તહા મિન દીનેક વ બુદ્દેલ મિન હુકમેક હત્તા તોઈદ દીનક બેહી વ અલા યદય્હે જદીદન્ ગઝન્ મહઝન્ સહીહન્ લા એવજ ફીહે વલા બિદઅત મઅહૂ''***

(મફાતીહુલ જીનાન (ફારસી) પા. ૫૪૨)

*''ખુદાયા! તેમના થકી મોઅમીનોને ઈઝઝત આપ. તેમના થકી દરેક રસુલોની સુન્નતોને જીવંત કર. નબીઓના ભૂલાઈ ગએલા હુકમોને નવજીવન અર્પણ કર. એટલે સુધી કે તેમના થકી તારા દીનને ફરી જીવંત કર. નવો નવો, તાઝગી ભર્યો, શુધ્ધ, બિલકુલ સાચો, જેમાં કોઈ ક્ષતિ ન હોય, કોઈ બિદઅતની દખલ ન હોય.''*

દોઆના આ વાકયો ઉપર વિચાર કરવાથી આ વાત સ્પષ્ટ થઇ જાય છે કે વર્તમાનમાં જે દીન આપણી સામે છે તે સંપૂર્ણપણે શુધ્ધ દીન નથી. તેમાં જાણી જોઈને કે અજાણતા એવી બાબતો દાખલ થઈ ગઈ છે જે દીનનો ખરેખર ભાગ નથી. કારણ કે હક અને બાતીલનો તે સાચો માપદંડ હાલમાં આપણી નઝરની સામે નથી અને સામાન્ય પણે તેમના સુધી પહોંચવું તે શકય નથી. તેથી આ સમયે શુધ્ધ કે અશુધ્ધ વચ્ચે તફાવત શોધવો ઘણો મુશ્કેલ છે. હા, જ્યારે આપ ખુદાના હુકમથી જાહેર થશે અને સાચો ઈસ્લામ રજુ કરશે, કુરઆને કરીમની સાચી તફસીર ફરમાવશે, તે સમયે આપણે જાણી શકશું કે આપણી પાસે કેવો દીન છે. તે સમયે આપણા બધા અભિપ્રાયોને ત્યજી દેવા, રીત રીવાજને છોડી દેવા, અને તેમની સામે પૂરેપૂરી રીતે તસ્લીમ થઇ જવું તેમાં આપણી ભલાઈ છે. આપણે હંમેશા આ રીતે તસ્લીમ થઈ જવા દોઆ કરવી જોઈએ. નહી તો યહુદીઓનું ઉદાહરણ આપણી સામે છે, જે લોકો રસુલે ખુદા (સ.અ.વ.)ના આવવા પહેલા તેમનો ઈન્તેઝાર કરતા હતા અને બેઅસત પછી તે લોકો જ સૌથી મોટા વિરોધી થયા. જેનો સિલસિલો આજ દીવસ સુધી ચાલુ છે.

## બુધ્ધિની પરીપૂર્ણતાઃ

આપના ઝુહુર પછી ન માત્ર પવિત્ર ઈસ્લામ તેના વાસ્તવીક અને સાચા સ્વરૂપે પ્રગટ થશે, બલ્કે ખુદાવંદે આલમની મહેરબાનીઓથી લોકોની બુધ્ધિ પણ પરીપૂર્ણ થઈ જશે.

ઈમામ બાકીર(અ.સ.)ની રિવાયત છે.

*''એઝા કામ કાએમોના વઝઅલ્લાહો યદહૂ અલા રોઓસિલ એબાદે ફ જમઅ બેહા ઓકૂલોહુમ વ કમોલત્ બેહા અહલામોહુમ''*

*'જે સમયે અમારા કાએમ(અ.સ.)નો ઝહુર થશે (ત્યારે) ખુદાવંદે આલમ તેમનો (ઈમામ અ.સ.નો) હાથ લોકોના માથા ઉપર ફેરવશે. જેથી તેઓની બુધ્ધિ પુર્ણ થઈ જશે અને તેઓની સમજ પરીપૂર્ણ થઈ જશે.'*

(મુન્તખબુલ અસ્ર, ભાગ.૬૦, પાના નં. ૬૦૭, હ-૧)

જ્યારે બુધ્ધિ પરીપૂર્ણ થઈ જશે, તે સમયે દુનિયાના રહસ્યો તેઓની સામે જાહેર થઈ જશે. બુધ્ધિની પરીપૂર્ણતા તે અખ્લાકની પરીપૂર્ણતા છે. જ્યારે સમજશકિત પરીપૂર્ણ થઈ જશે અને પાક દીને ઈસ્લામ તેના સાચા સ્વરૂપે રજુ કરવામાં આવશે ત્યારે ઈન્સાનની પાક ફીતરત તે દીનને દિલોજાનથી કબુલ કરશે અને ચારે બાજુ પવિત્ર દીન ઈસ્લામ હશે. આથી એ બાબત પણ સ્પષ્ટ થઈ જાય છે કે તે ઝમાનાના લોકો પોતાના ઈરાદાથી અને સ્વેચ્છાએ ઈસ્લામ કબુલ કરશે તેમાં કોઈ જબરદસ્તી નહીં થાય.

જે સમયે હઝરત વલી અસ્ર(અ.સ.)નો ઝુહુર થશે અને ઈસ્લામ તેના સાચા સ્વરૂપે રજુ કરવામાં આવશે અને તેની બધી તાઅલીમો અમલી હશે તે સમય ઈબાદત કરવાનો આનંદ પણ કંઈક વિશેષ હશે. ખુદાવંદે આલમની સાચી મઅરેફત સાથે ખુલુસ નિય્યતથી ઈબાદત થશે. શીર્કનો ઓછાયો પણ નહિ હોય.

અંતમાં દોઆ માત્ર એટલી જ છે કે અય ખુદા અમારા મૌલા હુજ્જત બીન અલ્ હસન અસ્કરી(અ.સ.)ના ઝુહુરમાં જલ્દી કર અને અમોને તેમના સાથીદારો અને અન્સારોમાં શુમાર ફરમાવ અને અમોને સ્પષ્ટ દીને ઈસ્લામની હકીકતોથી માહિતગાર બનાવ. આમીન

* * * * *

# અલ્લાહના વાયદાની પૂર્ણતા

ખુદાવંદે આલમ રહેમાન અને રહીમ છે. મખ્લુકોના હકમાં ખુદા કરતા વધારે કોઈપણ મહેરબાન નથી. માઁ ની મોહબ્બત પોતાની બધી વિશાળતાઓની સાથે અલ્લાહની રહેમતના દરીયાની સામે એક ટીપું છે. જ્યારે માઁ પોતાના સંતાનોને કોઈ તકલીફમાં જોવાનું પસંદ નથી કરતી ત્યારે ખુદાની વિશાળ રહેમતો પોતાના બંદાઓને જહન્નમના અઝાબમાં સપડાએલા કેવી રીતે જોશે?

**શ્રેષ્ઠ સર્જનઃ**

ખુદાવંદે આલમે ઈન્સાનને સર્વ શ્રેષ્ઠ મખ્લુક બનાવી છે. ''અમે આદમની ઔલાદને માનનીય બનાવી''ના તાજ વડે સન્માનનીય નબી આદમ (અ.સ.)ના તાજથી ઈન્સાનોને બીજા બધા સર્જનો ઉપર પ્રાધન્ય આપ્યું. તેને ખૂબજ મધ્યમ પૈદા કર્યો. તેની જરૂરતની બધી વસ્તુઓને તેનામાં ઠાંસી ઠાંસીને ભરી છે. જો ઈન્સાનને એક તરફ ઈખ્તેયારની ખુટે નહી એવી સંપત્તિથી માલામાલ કર્યો છે ત્યારે બીજા તરફ આ ઈખ્તેયારના ''યોગ્ય ઉપયોગ'' માટે બુધ્ધિ જેવી મહાન નેઅમત અર્પણ કરી છે. જો ઈન્સાનમાં પ્રાણીઓની ખ્વાહીશાતની ચિનગારીઓ મુકી તો સંપૂર્ણ હિદાયતની બધી લાગણીઓથી પણ છલકાવી દીધો. જો ઇચ્છાઓને ભડકાવવા માટે શૈતાન અને ચીનગારીને જવાળામુખીમાં ફેરવી નાખવા માટે ઈબ્લીસ અસ્તિત્વમાં આવ્યો, તો ખુદાએ હિદાયત માટે નબીઓ, વલીઓ અને ઈમામોનો સિલસિલો શરૂ કર્યો.

ખુદાવંદે આલમ ઈન્સાન અને તેની આંતરિક પરિસ્થિતિથી સંપૂર્ણ રીતે જાણકાર છે, આથી તેણે ઈન્સાનની હિદાયત માટે એટલો સંપૂર્ણ અને વ્યવસ્થિત બંદોબસ્ત કર્યો કે જેને આ દુનિયામાં સૌથી પહેલા ઈન્સાન બનાવીને મોકલ્યા, તેને નબી અને પોતાના ખલીફા બનાવીને મોકલ્યા. જેથી ઈન્સાન એવું બહાનુ ન કરી શકે કે ''જો અમારી હિદાયતનો બંદોબસ્ત કર્યો હોત તો અમે ગુમરાહ ન થાત. તેમ છતાં જો કોઈ ગુમરાહી અને વિનાશના માર્ગ ઉપર ચાલવા માંગે તો હુજ્જત તેના ઉપર પૂરી થઈ ગઈ છે, અને તે તેના પગલા અને ઇખ્તેયારથી વિનાશ તરફ જાય.''

**મુખ્તાર અને આઝાદઃ (ઈખ્તેયાર ધરાવનાર અને સ્વતંત્ર)**

ખુદાવંદે આલમે ઈન્સાનને સ્વતંત્ર અને આઝાદ પૈદા કર્યો છે. આઝાદી અને ઈખ્તેયાર ફક્ત ત્યારે અર્થસભર કહેવાય છે જ્યારે બે માર્ગ હોય. જો માત્ર એક માર્ગ સામે હોય ત્યારે એમ કહેવું, ''આપ જ્યાં ચાહો ત્યાં ચાલ્યા જાવ'' અયોગ્ય છે. જ્યારે બીજો કોઈ માર્ગ જ નથી તો જ્યાં ચાહે ત્યાં ચાલ્યા જવાનો શું અર્થ ? કુરઆને કરીમે આ હકીકતને જુદી જુદી રીતે રજુ કરી છે. કયારેક કહ્યું

*''વ હદયના હુન્નજદયને''*

*''અમે ઈન્સાનને બન્ને માર્ગ દેખાડી દીધા.''*

(સુરે બલદ, આ. ૧૦)

અને કયારેક આ રીતે કહ્યું

*''ઈન્ના હદયના હુસ્સબીલ ઈમ્મા શાકેરંવ વ ઈમ્મા કફૂરા''*

*''અમે તેને માર્ગ દેખાડી દીધો છે. તે ચાહે તો શુક્ર કરનારો બની જાય અને ચાહે તો નેઅમતોનો ઈન્કાર કરનાર બને.''*

(સુરે દહર, આ. ૩)

ઈન્સાનને મુખ્તાર અને આઝાદ ભલે બનાવ્યો પરંતુ તેની આઝાદી અને ઈખ્તેયાર ઉપર પોતાના ન્યાયની શરત પણ મૂકી છે કે તે પોતાના નેક બંદાઓનો ઈન્સાફ કરે અને તેઓના ઉપર ઝુલ્મ કરનારાને શિક્ષા કરે. આ સિધ્ધાંતના

આધારે દુનિયાને કસોટીનું ઘર બનાવ્યું છે અને કયામતને હશ્ર અને નશ્રનું સ્થળ નક્કી કર્યુ છે. તેથી ઈન્સાન આઝાદ તો છે, પરંતુ શર્તી છે. એટલે જીવનના માર્ગમાં કસોટીના માર્ગથી પસાર તો થવું જ પડશે.

## કસોટીઃ (પરીક્ષા)

આથી નેઅમતો છે, ઇખ્તીયાર છે તો પછી ઇમ્તેહાન પણ છે. તે પછી પોતાના આઅમાલના આધારે ઉચ્ચ દરજ્જો ધરાવે છે અથવા સૌથી પસ્ત.

ખુદાવંદે આલમે શયતાનને ભરપૂર નેઅમતો આપી અને તેની ઇબાદતને લીધે તેને ફરિશ્તાઓમાં જગ્યા આપી. જહન્નમી સર્જનને જન્નતના સર્જનોની સાથે રહેવાની તક આપી. તેનો દરજ્જો ઉંચો થયો. કસોટીનો તબક્કો આવ્યો. ખુદાએ માટીના સર્જનને સજદો કરવાનો હુકમ આપ્યો. તે નૂરનું સર્જન જે પોતાની ઈબાદતના કારણે ખુદાના સંપુર્ણ બંદા હતા. જે ખુદાના દરેક હુકમનો અમલ કરતા હતાં. તેઓની દ્રષ્ટિમાં માટીનું સર્જન ન હતું, બલ્કે ખુદાનો હુકમ હતો, જે દરેકથી સર્વોચ્ચ છે. તેઓએ ખુદાના હુકમની સામે સજદહ કર્યો અને કસોટીમાં સફળ થઈને અલ્લાહની બારગાહમાં નજીકનું સ્થાન મેળવ્યું. જહન્નમી સર્જને જાહેર ઉપર નઝર કરી. ખુદાના હુકમનો અનાદર કરીને સજદહ કરવાનો ઈન્કાર કરી દીધો. ખુદાએ તેને મલાએકાનાં સમુહમાંથી કાઢી મૂકયો. પોતાની બારગાહમાંથી દૂર કર્યો. અર્શની ઉંચાઈએથી ઝમીનના નિચાણમાં ફેંકી દીધો. તે સમયે તેણે ખુદાની પાક બારગાહમાં જે સાહસ અને તોછડાઈનું પ્રદર્શન કર્યુ તે કુરઆને કરીમે આ રીતે રજુ કર્યુ છે.

*કાલ યા ઈબ્લીસો મા લક અલ્લા તકૂન મઅસ્સાજેદીન*

*કાલ લમ્અકુન લે અસ્જોદ લે બશરિન ખલકતહૂ મિન સલ્સાલિન મિમ હમઈમ મસ્નૂન*

*કાલ ફખ્રૂજ મિન્હા ફઈન્નક રજીમુન*

*વ ઈન્ન અલય્કલ લઅનત એલા યવ્મિદ્દીન*

*કાલ રબ્બે ફન્ઝીરની એલા યવ્મે યુબ્અસૂન*

*કાલ ફઈન્નક મેનલ મુન્ઝરીન*

*એલા યવ્મિલ વક્તિલ મઅલૂમ*

*કાલ રબ્બે બેમ અગ્વયતની લ ઓઝય્યેનન્ન લહુમ ફિલ અર્ઝે વલ ઉગવેયન્નહુમ અજમઈન*

*ઈલ્લા એબાદક મિન્હોમુલ મુખ્લસીન*

*કાલ હાઝા સેરાતુન અલય્ય મુસ્તકીમ*

*ઈન્ન એબાદી લય્સ લક અલયહિમ સુલ્તાનુન ઈલ્લા મનિત્તબઅક મેનલ ગાવીન*

*અલ્લાહે ફરમાવ્યુ : અય શૈતાન ! તને શું થઈ ગયુ છે કે તુ સિજદો કરનારાઓમાં શામીલ ન થયો?*

*ઈબ્લીસે કહ્યું : હું એવા બશરને સિજ્દો નથી કરી શક્તો જેને તે ખણ ખણ કરતી કાળી માટીમાંથી પૈદા કર્યો.*

*અલ્લાહે ફરમાવ્યું : તું આ સ્થળેથી નિકળી જા, કારણકે બેશક તું (અમારી) બારગાહથી હાંકી કાઢવામા આવેલો છે. અને બેશક કયામતના દિવસ સુધી તારા ઉપર લાનત થતી રહેશે.*

*ઈબ્લીસે કહ્યું : હે મારા પરવરદિગાર ! ત્યારે તું મને તે દિવસ સુધીની મોહલત આપ કે જે દિવસે સઘળા મનુષ્યોને ઉઠાડવામાં આવશે.*

*અલ્લાહે ફરમાવ્યુ : જે લોકોને મોહલત આપવામાં આવી છે તું પણ તેઓ માંહેનો છે. તે જાણીતા (કયામતના) દિવસના સમય સુધી.*

*ઈબ્લીસે કહ્યું : હે મારા પરવરદિગાર ! જેવી રીતે તે મને ભૂલ ખવડાવી છે તેમ હું પણ દુનિયામાં (બૂરી વસ્તુઓ) તેમની નઝરમાં જરૂર સુશોભિત બનાવીશ અને અવશ્ય તે સઘળાઓને ભૂલ ખવડાવીશ. પરંતુ તારા મુખ્લીસ બંદાઓ સુધી મારી પહોંચ નહી હશે.*

*અલ્લાહે ફરમાવ્યુ : મારી તરફ આવવાનો આ (એક)જ માર્ગ સીધો છે. બેશક જેઓ મારા બંદા છે તેમના પર તારી કોઇ સત્તા ચાલશે નહી સિવાય કે ભમેલાઓમાંથી જેઓ તારા અનૂયાયી થઈ જાય.*

(સુરા હિજ્ર, આ. ૩૨ થી ૪૨)

આવીજ રીતે સુરે સ્વાદમાં આ પુરી વાતચીત એક બીજા સ્વરૂપે વર્ણન થયા પછી ફરમાવે છેઃ

*“કાલ ફબેઈઝઝતેક લઉગવેયન્નહુમ અજમઈન”*

*ઈબ્લીસે કહ્યુંઃ પરવરદિગાર, તારી ઈઝઝતની કસમ હું સૌને ગુમરાહ કરીશ.*

(સુરા સ્વાદ, આ. ૮૨)

## શયતાની નિર્ણયઃ

આ આયતોથી એ વાત સંપૂર્ણ રીતે સ્પષ્ટ થઈ જાય છે કે શયતાન સૌને ગુમરાહ કરવા માંગે છે અને સૌને પોતાની સાથે જહન્નમમાં લઈ જવા માંગે છે.

ગુમરાહ કરવા એટલે ખુદાથી દૂર કરવા. ખુદાના દીનથી દૂર કરી દેવા. ખુદાના વલીઓથી દૂર કરી દેવા. ઈમામતથી દૂર કરી દેવા. અલ્લાહની હદોનો વિરોધ કરવો. ઈસ્લામની શરીઅત ઉપર અમલ ન કરવો. હલાલને હરામ અને હરામને હલાલ કરી દેવા. ટૂંકમાં એ કે ઈન્સાનને ખુદાની હિદાયતથી દૂર કરી દેવા. દુનિયામાં ખુદાની વ્યવસ્થાને, ઈસ્લામની શરીઅતને અમલી થવા ન દેવી. દુનિયામાં અલ્લાહની હુકુમતને સ્થાપિત થવા ન દેવી. ખુદાના બંદાઓમાં ન્યાય અને ઈન્સાફને બદલે ઝુલ્મ અને અત્યાચાર ફેલાવવા. અલ્લાહના હુકમોની વિરૂધ્ધ કામ કરવા. તૌહીદના બદલે શીર્ક, ઈસ્લામના બદલે કુફ્ર, ઈમાનને બદલે નિફાકને પ્રચલિત કરવું.

શયતાને ખુદાવંદે આલમની ઈઝઝતની કસમ ખાઈને બધા લોકોને ગુમરાહ કરવાનું બીડું ઝડપ્યું છે. દુનિયાના ચારે ખુણામાં ગુમરાહીને ફેલાવી દઈશ. આ છે શયતાનનો ઈરાદો.

## અલ્લાહની સુન્નતઃ

ખુદાવંદે આલમે લોકોની હિદાયત માટે જે વ્યવસ્થા કરી છે તે પણ કોઈ મર્યાદિત વ્યવસ્થા નથી. ખુદાવંદે આલમે હઝરત રસુલે ખુદા (સ.અ.વ.) ના બારામાં આ રીતે ફરમાવ્યું છેઃ

*“કુલ યા અય્યોહન્નાસો ઈન્ની રસૂલુલ્લાહે એલયકુમ જમીઆ”*

*“અય પયગમ્બર! આપ એ લોકોને કહી દો, એ લોકો! હું તમારા સૌની તરફ અલ્લાહનો રસુલ અને પ્રતિનિધિ છું.”*

(સુરા અઅરાફ, આ. ૧૫૮)

*“વઉહેય એલય્ય હાઝલ કુરઆનો લેઉન્ઝેરકુમ બેહી વમન બલગ”*

*“અને મારી તરફ આ કુરઆનની વહી કરવામાં આવી છે, જેથી તમને અને જેને મારો સંદેશો પહોંચે, સૌને અલ્લાહના અઝાબની ચેતવણી આપું.”*

(સુરા અન્આમ, આ. ૧૯)

*“વમા અરસલ્નાક ઈલ્લા રહમતલ લિલ આલમીન”*

*“અય પયગમ્બર! અમે આપને તમામ આલમના માટે રહેમત બનાવીને મોકલ્યા.”*

(સુરા અમ્બીયા, આ. ૧૦૭)

*“હોવલઝી અરસલ રસૂલહુ બિલ હોદા વ દીનીલ હક્કે લે યુઝહેરહૂ અલદ્દીને કુલ્લેહી વલવ કરેહલ મુશ્રેકૂન”*

*“અય અલ્લાહ જેણે પોતાના રસૂલને હિદાયત અને દીને હક્કની સાથે મોકલ્યા કે દીને હક્કને તમામ દીનો પર સ્પષ્ટ વર્ચસ્વ અને સર્વોપરિતા અતા કરે ભલેને મુશ્રીકોને અણગમતુ કેમ ન લાગે”*

(સુરે તૌબા, આ. ૩૩)

આ વિષય પર બીજી પણ આયતો છે. આ બન્ને બાબતોને ધ્યાનમાં રાખતા આ વાત બિલ્કુલ સ્પષ્ટ અને દીવા જેવી છે કે શયતાન તમામ લોકોને ગુમરાહ કરવા માંગે છે અને ખુદા સમગ્ર દુનિયામાં પાક દીન ઈસ્લામની સર્વોપરિતા ચાહે છે. તફાવત એ છે કે શયતાન પોતાના હેતુને પાર પાડવા માટે દરેક જાએઝ અને નાજાએઝ હથિયારનો ઉપયોગ કરી શકે છે. ખુન, વિનાશ, લૂંટ માર, જુઠ, આરોપ, બોહતાન તે બધું કરી શકે છે. પરંતુ અલ્લાહના પ્રતિનિધિઓ પોતાના ઈલાહી હેતુઓને પરીપૂર્ણ કરવા માટે શરીઅતથી વાળ બરાબર પણ ગુમરાહ

નથી થઈ શકતા. તેઓ પોતાના હેતુઓ પાર પાડવા માટે નાજાએઝ રીતોનો ઉપયોગ નથી કરી શકતા. તેઓ તકવા અને પરહેઝગારીના માર્ગથી જરા પણ ચલિત નથી થઈ શકતા.

### હકની જીતઃ

આ તફાવત ઉપરાંત એક બીજો દેખીતો તફાવત છે. જેના કારણે અલ્લાહના પ્રતિનિધિઓ સૌથી વધુ મુશ્કેલ પરિસ્થિતિમાં પણ મુતમઇન હોય છે. શયતાન અને તેના પ્રતિનિધિઓ તમામ સાધનો હોવા છતા પણ બેચૈન છે. આ તફાવત કુરઆને કરીમનું આ એલાન છેઃ

*''વલ આકેબતો લિલ્મુત્તકીન''*

*''નેક અંજામ તો ફક્ત મુત્તકીઓ માટે છે.''*

અંતે વિજય તકવા અને પરહેઝગારીનો થશે. જેનાથી સ્પષ્ટ થઈ ગયું કે ગુમરાહી અને હિદાયતની પ્રાચીન લડાઇનું પરિણામ હિદાયતની સ્પષ્ટ અને ઝળહળતી સફળતા છે.

જો કે દેખીતી રીતે એક લાંબા સમય થી શયતાનનો સીક્કો ચાલી રહ્યો છે તેનું એક કારણ આ છે.

અલ્લાહના પ્રતિનિધિઓ લોકોને તેઓની સ્વેચ્છાએ દીનની તરફ આમંત્રણ આપે છે. તેઓ ચાહે છે કે લોકો પોતાની પૂરી આઝાદી અને ઇખ્તેયારથી દીને હકનો સ્વિકાર કરે. તેમાં કોઈપણ પ્રકારનું દબાણ કે જબરદસ્તી ન થાય. પોતાના ઇખ્તેયારથી હિદાયતની તરફ આવવું. પોતાની લાગણીઓને ખુદાની મરજી મુજબ ઉપયોગ કરવો મુશ્કેલ જરૂર છે પરંતુ તેના પરિણામો એટલા ભવ્ય છે કે જો માનવીને તેનો થોડો પણ અંદાઝ થઇ જાય તો તેના માટે આ મુશ્કેલીઓ નેઅમત સાબિત થશે.

### જબરદસ્તી નથીઃ

આ ઉપરાંત દુનિયા માધ્યમોનું ઘર છે. દરેક વસ્તુ તેના નિયમ મુજબ કામ કરી રહી છે. બીજ ધીરે ધીરે વૃક્ષનું સ્વરૂપ લે છે. તેમાં સમયની જરૂર છે. દરેક જગ્યાએ મોઅજીઝો નથી થતો અને દરેક કામ પલક ઝપકમાં થઇ નથી થતું. જો ખુદા આવીજ રીતે કામ કરવા ચાહતે તો દુનિયામાં કોઈ એક પણ ગુમરાહ ન થતે. પરંતુ ખુદાએ નક્કી કરી લીધું કે માનવી પોતાના ઇખત્યારથી હિદાયતની મંઝિલો પુરી કરે અને ગુમરાહ થવાના માર્ગ ઉપર પણ પોતાના ઇખત્યારથી કદમ મુકે.

શયતાને શરૂઆતથી જ નાફરમાની અને સરકશીનો રસ્તો ઇખ્તેયાર કર્યો. જો તે પોતાના અમલ ઉપર શરમાતે અને પોતાના ગુનાહની માફી માંગતે તો રહેમાન અને રહીમ ખુદા તેને માફ કરી શકતો હતો. પરંતુ તૌબા અને પસ્તાવાનો માર્ગ છોડીને ખુદાના વિરોધ અને બળવાનો માર્ગ પસંદ કર્યો. તેણે શરૂઆતથી જ ઈલાહી પ્રતિનિધિઓ માટે મુશ્કેલીઓ ઉભી કરી. કાબીલના દિલમાં ઈર્ષાની આગ ભડકાવીને હાબીલને કતલ કરાવ્યા. પછી તો આ સીલસીલો ચાલુ રહ્યો. ફીરઔન, હામાન, નમરૂદ, કારૂન, અબુ લહબ, અબુ જહલ, અકરમા, અબુ સુફયાન, બની ઉમય્યા, બની અબ્બાસ... અને આજના શયતાની હાકીમો બધા આ માળાના મણકાઓ છે. આ બધા લોકોનો બસ એક સમાન મુદ્દાનો કાર્યક્રમ છે. તે કાર્યક્રમ છે ''નુરે ખુદાને બુજાવી દેવુ.'' જેથી હિદાયતનો સૂર્ય અસ્ત થઈ જાય અને ગુમરાહીનો અંધકાર ચારે તરફ છવાઈ જાય.

આ લોકો એક પછી એક ખુદાની હુજ્જતને કત્લ કરતા રહ્યા એટલે સુધી કે આ સિલસિલો બન્ને દુનિયામાં અધિકાર ધરાવવાવાળા બઝમે નબુવ્વત અને રિસાલતના સરદાર, ખુદાના મહબુબ, અલ્લાહ દ્વારા વખણાયેલ હઝરત મોહમ્મદ મુસ્તફા(સ.અ.વ.)ની પવિત્ર ઝાત ઉપર પોતાની ખૂબીઓ સર કરીને નબુવ્વતના અંતના સ્વરૂપે જાહેર થયો.

શયતાને પહેલાં તો ઘણી કોશીષ કરી કે મક્કામાં જ આ હિદાયતનો પ્રકાશ બુઝાય જાય. બધા કબીલાઓએ કત્લનું કાવતરૂ અને કોશીષ કરી, પરંતુ ખુદાનો ઈરાદો દરેકની ઉપર છવાઈને રહ્યો. પયગમ્બર(સ.અ.વ.) કાફીરો અને મુશરીકોની આંખોમાં ધૂળ નાખીને દુશ્મનોના

સકંજામાંથી બહાર આવી ગયા, જેવી રીતે વાદળોમાંથી ચાંદ નીકળી જાય છે. મદીનામાં સરકારે રિસાલતે હજી તો આરામ પણ નહોતો કર્યો કે વિરોધીઓનો એક નવો સિલસિલો લડાઈના સ્વરૂપે શરૂ થયો, જે ઝીંદગીના અંતિમ શ્વાસ સુધી ચાલુ રહ્યો.

કાફીરો, મુશરીકો અને યહુદીઓના વિરોધો અને મુનાફીકોના ઘાવ અને ભૂગર્ભ કાવત્રાઓ દરમ્યાન પયગમ્બરે અકરમ(સ.અ.વ.) એ અમલી હિકમતથી ખુદાનો પૈગામ પહોંચાડયો કે ગદીરના મૈદાનમાં હઝરત અલી(અ.સ.)ની ઈમામત અને વિલાયતનું બીલાફસ્લ એલાન કરીને દીનની પરિપૂર્ણતાની સનદ પ્રાપ્ત કરી. દીનની સંપૂર્ણતાની આયત આ બાબતની મજબુત સનદ છે કે આં હઝરત(સ.અ.વ.) એ પોતાનો પૈગામ (સંદેશો) પરિપૂર્ણ કરી દીધો. પોતાની રિસાલત સંપૂર્ણ કરી દીધી. હઝરત અલી(અ.સ.)ની વિલાયતનું એલાન દીનની પરિપૂર્ણતા સાથે કયામત સુધી દીનની હિફાઝતની જામીનગીરી પણ હતી.

શયતાન અને બધા વિરોધીઓને, તેમજ ખુદાના દીનના દુશ્મનોને ખુદાનું આ એલાન નબુવ્વતથી વધુ આકરૂં લાગ્યું. કારણ કે નબુવ્વતના એલાન વખતે તેઓએ ખયાલ કર્યો હતો કે પયગમ્બરના જીવનનો દીપક બુઝાઇ જતા સાથે આ પૈગામ આપમેળે ખત્મ થઈ જશે પરંતુ હઝરત અલી(અ.સ.)ની ઈમામતના એલાને તેઓના બધા મનસુબા ઉપર પાણી ફેરવી દીધું અને ખુશીની લાગણીની આશા માટીમાં મળી ગઈ. તેથી આ લોકો હવે પયગમ્બરે અકરમ(સ.અ.વ.)ની વફાતની બેચૈનીથી રાહ જોવા લાગ્યા. આપનો સ્પષ્ટ હુકમ અને વારંવારની સુચના છતાં ઓસામાના લશ્કરમાં જોડાયા નહિ.

પયગમ્બરે અકરમ(સ.અ.વ.) એ તેમના બાદ થનારી યોજનાઓ અને કાવતરાની હ. અલી(અ.સ.)ને જાણ કરી હતી અને જણાવી દીધું હતું કે તેમની વફાત પછી ઉમ્મતની તરફથી ઝુલ્મનો એક નવો દૌર શરૂ થશે. તેઓના દિલોમાં છુપાએલી ઈર્ષા અને કિન્નાખોરી ફુટી ફુટીને બહાર નીકળશે. પરંતુ પ્રશ્ન ઇખ્તેયારની સાથે હિદાયતના માર્ગ ઉપર આવવાનો છે. જબરદસ્તી કે દબાણનો કોઈ પ્રશ્ન નથી. લોકોએ પયગમ્બરે અકરમ(સ.અ.વ.)ના સ્પષ્ટ નિવેદનોને છોડી દઈને શયતાને સજાવેલી દુનિયાને પોતાના પાલવમાં સમેટી લીધી. પછી આ લોકો દુનિયાની મોહબ્બતમાં ખુદાની હુજ્જતને એક પછી એક શહીદ કરતા રહ્યા.

## ખુદાના દીનનું રક્ષણઃ

ખુદાવંદે આલમે હઝરત રસુલે ખુદા(સ.અ.વ.)ની નબુવ્વત પછી કયામતની સવાર સુધી ઈન્સાનોની હિદાયત માટે બાર ઈમામ મુકરર કર્યા. જેમાંના પહેલા હઝરત અલી(અ.સ.) અને છેલ્લા હઝરત મહદી(અ.સ.) છે. ખુદાના અને દીનના દુશ્મનોએ તેઓમાંના કોઈ એકને પણ આઝાદીથી જીવન પસાર કરવાની તક નથી આપી. ખુદાએ હિદાયત માટે બાર ઈમામો નિમણુંક કર્યા હતા. દુનિયા પરસ્તોએ અને સત્તાના લાલચુઓએ, ખુદાના નૂરના દુશ્મનોએ અગીયાર ઈમામોને શહીદ કરી નાખ્યા. ખુદાએ કયામતનો જે સમય નક્કી કર્યો હતો તે હજી દૂર હતો. તેથી ખુદાએ હિદાયતના અંતિમ સૂર્યને દુશ્મનોની પહોંચથી દૂર કરીને ગયબતના પરદામાં રાખી દીધા. આ રીતે દીનની હિફાઝત માટેનો એક પાકો ઈલાહી બંદોબસ્ત સ્થાપિત થઈ ગયો.

ખુદાવંદે આલમ જબરદસ્તી અને દબાણથી કામ લેવા નથી ચાહતો. દરેક જગ્યાએ મોઅજીઝા રજુ કરવા તે તેની સુન્નત નથી. તેથી હિદાયતના આ સૂર્યનું રક્ષણ કરવું જરૂરી હતું. જેથી દુશ્મન પોતાની બધી શકિતઓનો ઉપયોગ કરી લે અને આ વિશ્વવ્યાપી હુકુમત માટે ધીરે ધીરે વ્યકિતઓ તૈયાર થઈ જાય. જેનો વાયદો ખુદાએ તેના રસુલ સાથે કર્યો છે. આ બાબત બીજા શબ્દોમાં આ રીતે કહી શકાયઃ (૧) ખુદાવંદે આલમે બધા ઈન્સાનોની હિદાયત અને ભલાઈ માટે પાક દીન ઈસ્લામ નાઝીલ કર્યો

(૨) ખુદાવંદે આલમે છેલ્લા પયગમ્બર હઝરત મોહમ્મદ મુસ્તફા(સ.અ.વ.)ની નબુવ્વત અને રિસાલતને દુનિયાની વિશ્વવ્યાપી અને હંમેશા રહેવાવાળી નબુવ્વત અને રિસાલત જાહેર કરી છે. (૩) ખુદાવંદે આલમે નબીઓ અને રસુલો અને તેઓની સાથે શરીઅત એટલા માટે મોકલી જેથી દુનિયાના ખૂણે ખૂણામાં ન્યાય અને ઈન્સાફ સ્થાપિત થઈ શકે. કોઈ કોઈના ઉપર ઝુલ્મ ન કરે, ન શિર્ક અને કુફ્ર કરીને પોતાના ઉપર ઝુલ્મ કરે, ન કોઇના હક પચાવી પાડીને બીજા પર ઝુલ્મ કરે. (૪) ખુદાવંદે આલમે પોતાની મસ્લેહતના આધારે (જેને તે પોતે ખુદ વધુ સારી રીતે જાણે છે) સમગ્ર વિશ્વમાં ન્યાય અને ઈન્સાફ સ્થાપિત કરવા અને દરેક પ્રકારના ઝુલ્મ અને અત્યાચારને ખત્મ કરવાની જવાબદારી હઝરત હુજ્જત બિન અલ હસન અલ અસ્કરી(અ.સ.)ને સોંપી છે. કદાચ આજ કારણે હઝરત વલીએ અસ્ર બાબતે રિવાયતોમાં આ વાકય વારંવાર અને દરેક જગ્યાએ દેખાય છે.

***“યમલઅુલ અર્ઝ કિસ્તન વ અદલન બઅદ મા મોલેઅત ઝુલ્મન વ જવરન”***

***“તે દુનિયાને ન્યાય અને ઈન્સાફથી એવી રીતે ભરી દેશે જે રીતે તે ઝુલ્મ અને અત્યાચારથી ભરાએલી હશે.”***

(૫) ખુદાવંદે આલમ એ ચાહે છે કે લોકો પોતાના ઈરાદા અને ઇખત્યારથી ઈસ્લામી હકુમત માટે પૂર્વ ભૂમિકા તૈયાર કરે કારણકે જબરદસ્તી અને દબાણ અલ્લાહની સુન્નતની વિરૂધ્ધ છે. (૬) ખુદાવંદે આલમે આ ૧૪૦૦ વર્ષના ગાળામાં દુનિયાના લોકોની હિદાયત અને ભલાઈને માટે ૧૨ મોહમ્મદ, ૧૨ અલી, ૧૨ હસન અને ૧૨ હુસૈન આપ્યા. જેમાંના દરેક ફઝીલત અને સંપૂર્ણતા, ઈલ્મ અને મઅરેફતમાં એક બીજા સમાન છે. જેઓને બધા સર્જનો ઉપર જાહેર અને સ્પષ્ટ ઉચ્ચતા પ્રાપ્ત હતી. દુનિયાના લોકોએ તેઓમાંના એકની પણ કદર ન કરી. જો લોકોએ કદર કરી હોત તો જંગે સિફફીન વખતે જ્યારે લડાઈ બિલકુલ અંતિમ તબક્કામાં હતી અને વિજય માત્ર બે ડગલાં દૂર હતો ત્યારે હઝરત અલી(અ.સ.)ને જનાબ માલિકે અશતરને પાછા બોલાવવા ન પડતે. જો લોકોએ કદર કરી હોત તો હઝરત અલી(અ.સ.)ને ઘરના એકાંતમાં રહેવું ન પડતે. જો લોકોએ કદર કરી હોતે તો ઈમામ હસન(અ.સ.)ને મોઆવીયા સાથે સુલેહ ન કરવી પડતે. જો લોકોએ કદર કરી હોતે તો યઝીદ જેવી વ્યકિત સત્તા ઉપર ન આવતે અને ઈમામ હુસૈન(અ.સ.) શહીદ ન થતે. જો લોકોએ કદર કરી હોતે તો હારૂન રશીદ ઈમામ મુસા કાઝીમ(અ.સ.)ને કૈદ ન કરી શકતે, જો લોકોએ કદર કરી હોતે તો ઈમામ અલી નકી(અ.સ.) અને ઈમામ હસન અસ્કરી(અ.સ.)ને મદીનાના બદલે સામર્રામાં વતનથી દૂર (પરદેશમાં) જીંદગી પસાર કરવી ન પડતે.

ટૂંકમાં એ કે જો લોકોએ આ નજાતની કશતીઓને, સાચા હાદીઓને, દીને હકના રક્ષણકારોને સેરાતે મુસ્તકીમના માર્ગદર્શકોને, કુરઆને અઝીમની સમકક્ષ કદર કરી હોતે અને તેઓના આ ઉચ્ચતર સ્થાનને સ્વીકાર્યુ હોતે જે ખુદાવંદે આલમે તેઓના માટે ખાસ રાખ્યું હતું, તો ઝાલીમો અને અત્યાચારીઓની તેઓને શહીદ કરવાની હિમ્મત ન થતે. જો કદર કરી હોતે તો બકીઅ અને સામર્રાની મઝારો જમીન-દોસ્ત (વિરાન) ન થાત. (૭) ખુદાવંદે આલમે પોતાના ઈલ્મ અને મસ્લેહતના કારણે રસુલે ખુદા (સ.અ.વ.)ની પછી લોકોની હિદાયત માટે માત્ર ૧૨ ઈમામોની નિમણુંક કરી હતી. જેમાંના ૧૧ ઈમામોની કદર ન કરી અને શહીદ કરી દેવામાં આવ્યા. (૮) હજી ખુદાવંદે આલમનો વાયદો પૂરો નથી થયો, જે તેણે પોતાના હબીબને કર્યો હતો કે તેમના દીનને દુનિયાના બધા દીનો ઉપર શ્રેષ્ઠતા આપશે. (૯) હવે પરિસ્થિતિ આ મુજબ છે:

(અ) આ અંતિમ ઈમામને બાકીના ૧૧ની જેમ જાહેર કરી દે અને ઝાલીમો અને અત્યાચારીઓ અલ્લાહની આ છેલ્લી હુજ્જતને પણ કતલ કરી નાખે. (બ) આ અંતિમ હુજ્જતના રક્ષણ માટે દુનિયાનો નિયમ બદલી નાખવામાં આવે. એટલે ઈમામ જાહેર રહે અને

લોકો તલવાર ચલાવે તો અસર ન થાય, ઝેર આપે તો અસર ન થાય. સામે હાજર હોય અને લોકો તીર ચલાવે અને અસર ન થાય. દુનિયાના નિયમનો જબ્ર વડે ફેરફાર કરવો એ અલ્લાહની સુન્નતની વિરૂધ્ધ છે. (ક) આ અંતિમ હુજ્જતને દુનિયામાંથી ઉપાડી લેવામાં આવે. આ સંજોગોમાં દુનિયાનો નિઝામ નાશ પામશે. કારણ કે દુનિયાનું અસ્તિત્વ ચાલુ રાખવા માટે એક હુજ્જતનું હોવું જરૂરી છે. (ખ) આ હુજ્જતને આ ઝમીન પર બાકી રાખવામાં આવે, કાએનાતના નિઝામને સંબંધીત અલ્લાહની સુન્નત બદલવામાં ન આવે, આ આખરી હુજ્જતને દુનિયાની નઝરથી દૂર કરી દેવામાં આવે એવી રીતે દૂર કરવામાં આવે કે સામે રહે, મુલાકાત કરે પણ લોકો ઓળખી ન શકે અને આ ક્રમ ત્યાં સુધી ચાલુ રહે જ્યાં સુધી લોકો પોતાના ઈખ્ત્યારથી તેની તાબેદારી માટે સંપૂર્ણ રીતે તૈયાર ન થાય.

આવી પરિસ્થિતિને 'ગયબત'ના નામથી યાદ કરીએ છીએ. જનાબ ખ્વાજા નસીરૂદ્દીન તુસી(અ.ર.)એ તેમની કિતાબ 'તજરીદુલ એઅતેકાદ'માં આ હકીકતને ઘણી સુંદર અને સંપૂર્ણ રીતે આ પ્રમાણે રજુ કરી છે. ''તેમનું અસ્તિત્વ અલ્લાહની એક નેઅમત છે. તેમને અધિકાર એક બીજી નેઅમત છે અને તેમની ગયબતનું કારણ આપણે છીએ.''

આ રીતે ઝમાનાની પરિસ્થિતિને દ્રષ્ટી સમક્ષ રાખીએ તો હઝરત વલી અસ્ર(અ.સ.) માટે ગયબત જરૂરી અને ફરજીયાત હતી. ખુદાવંદે આલમના ઈલ્મમાં આ બધી બાબતો હતી અને તે એ જાણે છે કે જો આ ગયબત એકાએક જાહેર થશે તો લોકો દીને હકથી ફરી જશે. તેની વિશાળ રહેમતે નક્કી કર્યુ કે અંતિમ હુજ્જતની (ઈમામતની) સાથે સાથે તેમની ગયબતની પણ ચર્ચા થતી રહે. તેથી ઈમાન ધરાવતા લોકો આ મહાન બનાવ માટે માનસિક રીતે તૈયાર રહે. આથી હઝરત રસુલે ખુદા(સ.અ.વ.)થી લઈને આજ અંતિમ ઈમામ સુધી દરેકે કોઈને કોઈ રીતે હઝરત હુજ્જત(અ.સ.)ની ગયબત અને ગયબતની પરિસ્થિતિની ચર્ચા કરી છે. તે હદીસોમાં આ બાબત પણ સ્પષ્ટ કરી દેવામાં આવી છે કે બે પ્રકારની ગયબત હશે (૧) ટૂંકી ગયબત અને (૨) લાંબી ગયબત. ટૂંકી ગયબતને ગયબતે સુગરા અને લાંબી ગયબતને ગયબતે કુબરાના નામથી યાદ કરવામાં આવે છે.

ગયબતે સુગરાની વિશેષતા એ છે કે આ સમય ગાળામાં સામાન્ય લોકો હઝરત હુજ્જત(અ.સ.) સુધી પહોંચી નહોતા શકતા પરંતુ આપે પોતાના તરફથી નાએબોની નિમણુંક કરી હતી. જે લોકો અને હઝરત હુજ્જત વચ્ચે સંપર્ક હતા. આ ગયબતે સુગરા ૨૬૦ હિજરી સનથી ૩૨૯ હિજરી સન સુધી એટલે કે ૬૯ વર્ષ સુધી ચાલુ રહી. ૩૨૯ હિજરી સનમાં જ્યારે આપના છેલ્લા નાએબ જનાબ અલી બીન મોહમ્મદ સૈમુરી મૃત્યુ પામ્યા ત્યારે ગયબતે કુબરા શરૂ થઈ જેનો સિલસિલો આજદિન સુધી ચાલુ છે.

અલબત્ત આપણી દોઆઓ અને આપણા નેક આઅમાલ ગયબતે કુબરાના સમય ગાળાને ઓછો કરીને હઝરતના પુર નુર ઝુહુરમાં ઝડપનું કારણ બની શકે છે.

આ ગયબતે કુબરામાં આપણા ઈમામ આપણી નજરથી છુપાએલા છે પરંતુ આપણને ભૂલતા નથી. તેઓ આપણી નાકદરી પછી પણ આપણું રક્ષણ કરતા રહે છે.

આ ગયબતે કુબરામાં ઈમામે ઝમાના(અ.સ.)એ આપણને આઝાદ છોડી દીધા નથી પરંતુ આપણને આલીમો અને ફકીહોના હવાલે કર્યા છે.

અંતમાં આ બાબતની ચર્ચા ખુબ જરૂરી છેઃ એક દિવસ આ ગયબતનો સિલસિલો પૂરો થશે. હઝરત હુજ્જત(અ.સ.) જાહેર થશે. નિખાલસ અને પોતાના જીવનની કુરબાની આપનાર લોકો તેમની સાથે હશે. આપ સમગ્ર જગતમાં તૌહિદનો પરચમ લહેરાવશે. શિર્કનો નાશ થશે. ઝુલ્મ અને અત્યાચાર નાબુદ થશે. દરેક જગ્યાએ ન્યાય અને ઈન્સાફ ફરી વળશે. કોઈપણ વ્યકિત ઉપર જરાપણ ઝુલ્મ નહીં થાય. દીને હકક તમામ દીનો અને

અનુસંધાન પાના નં. ૨૭ પર

# હઝરત સાહેબઝઝમાન (અજ.)ની જુમ્આના દિવસની ઝિયારતની સમજૂતી

(ઝીયારતના શરૂઆતના વાકયો માટે ગયા વર્ષનો અંક જુઓ)

**(૬) ''અસ્સલામો અલય્ક યા સફીનતન નજાતે''**

સલામ થાય આપ ઉપર અય નજાતની કશ્તી. અરબી સાહિત્યમાં 'સફીનતન નજાત' મુનાદીએ મુરક્કબ છે તેથી સફીના મન્સૂબ છે અને નજાત મુઝાફુન એલય્હ છે. એટલે મજરૂર છે. આ વાકયમાં બે શબ્દો ઉપર ચર્ચા થશે. એક 'સફીના' અને બીજુ 'નજાત'.

સફીનાનો અર્થ છે હોડી, વહાણ. આ શબ્દ 'સફ્ન' થી બન્યો છે. જેનો અર્થ ખાલ ચામડી ઉતારવી અને કોઈ વસ્તુને ઉપરથી છીલવાનો છે. ફઝીલાના વજન પર તે ફાએલહના અર્થમાં છે. હોડી પાણીના સ્તરને ચીરતી જાય છે તેથી તેનું નામ સફીના થયું. આ કથન રાગીબે ઈસ્ફહાનીનું છે. આ ''અકરબ''માં પણ નકલ થયું છે. આ શબ્દ કુરઆને કરીમમાં ચાર વખત આવ્યો છે. નજાતનો અર્થ છે મુકિત અથવા કોઈ ચીજથી છુટકારો મેળવવો. આ શબ્દ કુરઆનમાં અફઆલે બાબે સોલાસી મુજર્રદ અને તફઈલમાં વપરાયો છે. શબ્દ નજાત ખુદ બાબે તફઈલનું મૂળ છે.

હવે જોઈએ સફીનતુન્નજાતનો શું અર્થ થાયઃ

(૧) અહલેબયત (અ.મુ.સ.) સફીનતુન્નજાત છે.

એક ખૂબજ મશહુર અને જાણીતી હદીસે નબવી (સ.અ.વ.) છેઃ

***''મસલો એહલેબય્તી મસલો સફીનતે નૂહિન મન રકેબહા નજા વ મન તખલ્લફ અન્હા ગરક''***

***''મારી અહલેબૈત (અ.મુ.સ.)નું ઉદાહરણ હઝરત નુહ(અ.સ.)ની કશ્તી જેવું છે. જેઓ તેની ઉપર સવાર થઈ ગયા, તેઓ નજાત (મુક્તિ) પામશે અને જેઓ તેનાથી મોઢું ફેરવશે તેઓ ડૂબી જશે.''***

આ હદીસની નોંધ બન્ને ફિરકાના આલીમોએ કરી છે અને તેની સચ્ચાઈ ઉપર એકમત છે. આ હદીસની નોંધ નીચે દર્શાવેલ એહલે સુન્નતના આલીમોએ તેઓની કિતાબોમાં કરી છે.

૧. શૈખુલ ઈસ્લામ અલ હમુવઈએ તેની કિતાબ ફરાએદુસ સીમતૈનમાં પહેલા પ્રકરણમાં
૨. ખતીબ ખ્વારઝમીઃ અલ મનાકીબ, પા. ૨૫૨
૩. હાકીમ નીશાપૂરીઃ મુસ્તદરકુલ સહીહૈન, ભા. ૩, પા. ૧૫૧
૪. ખતીબે બગદાદીઃ તારીખે બગદાદ, ભાગ. ૧૨, પા. ૯૧
૫. મોહિબ્બુદ્દિન તબરીઃ રીયાઝુન નઝરહ

ઈમામ શાફેઈએ રશ્ફતુસ્સાદીમાં પા. ૨૪ ઉપર થોડા શેર લખ્યા છે, જેનો અર્થ આ પ્રમાણે છે :

***''જ્યારે મેં જોયું કે લોકો ગુમરાહી અને જહાલતના દરિયામાં ડૂબી રહ્યા છે, (ત્યારે) હું અલ્લાહનું નામ લઈને નજાતની કશ્તી ઉપર સવાર થઈ ગયો. જે એહલેબૈતે મુસ્તફા(સ.અ.વ.) ખાતેમુલ મુરસલીન છે.''***

જે વાંચકોને વિસ્તૃત જાણકારી મેળવવી હોય તેઓ 'કીતાબુલ ગદીર', અલ્લામા અમીની(ર.અ.), અલ મોઈદ્દ, અલ્લામા નજમુદ્દીન અસ્કરી, એહકાકુલ હક શહીદે સાલીસ કાઝી નુરૂલ્લાહ શુસ્તરી, ભા. ૯, પા. ૨૭૦-૨૯૨ જુએ.

ઉપરોક્ત હદીસે નબવીથી સ્પષ્ટ છે કે અહલેબૈત (અ.મુ.સ.) એટલે પયગમ્બરના ૧૨ વારસદારો, બધાજ કશ્તીએ નજાત છે. જે લોકોએ તેઓનો પાલવ મજબૂતીથી પકડયો, તેઓ નજાત પામશે અને જે લોકોએ તેઓને છોડી દીધા, તેઓ ગુમરાહી, બળવો, અજ્ઞાનતા અને બેદીનીના તોફાની દરીયામાં ડુબીને હલાક થઇ જશે.

ઈબ્ને અબ્બાસ કહે છે કે જ્યારે અમે છેલ્લી હજથી પાછા ફર્યા તો રસુલે ખુદા(સ.અ.વ.)ની સાથે મસ્જીદે નબવીમાં બેઠા હતા ત્યારે આપે ફરમાવ્યુંઃ ''જાણી લો કે અલ્લાહ તઆલાએ દીનવાળાઓ ઉપર અહેસાન કર્યો અને મારા થકી તેઓની હિદાયત કરી અને મેં દીનવાળાઓ ઉપર અહેસાન કર્યો, જ્યારે મેં તેઓને અલી બીન અબુ તાલીબ(અ.સ.)ની તરફ હિદાયત કરી અને માર્ગદર્શન આપ્યું. તે અલી(અ.સ.) કે જે મારા કાકાના દિકરા ભાઈ છે અને મારા વંશજોના પિતા છે. જાણી લો કે જે લોકોએ તેમનું અનુસરણ કર્યુ તેઓ નજાત મેળવશે અને જે લોકોએ તેમનાથી મોઢું ફેરવી લીધું. તેઓ ગુમરાહ થઇ જશે અને ભટકી જશે.''

(કિતાબુલ ફઝાએલ, કિતાબુલ રવઝા, પા. ૧૪૬-૧૪૭)

(૨) નજાતની કશ્તી ઉપર સવાર થવાનો અર્થ શું છે?

આ સવાલનો જવાબ પણ આપણે ખુદ 'મદીનતુલ ઈલ્મ' હઝરત ખાતેમુન્નબીય્યીન(સ.અ.વ.) પાસેથી જ માંગીએઃ આપે ફરમાવ્યું :

***''મન અહબ્બ અન યરકબ સફીનતન નજાતે . . . ફલ્યોવાલે અલીય્યન બઅદી વલ યોઆદે અદુવ્વહૂ વલ યઅ્તમ્મ બિલ હોદાતે મિન વુલ્દેહી''***

***અર્થાત ''જેઓ નજાતની કશ્તી ઉપર સવાર થવાનું પસંદ કરે છે તેઓ મારા પછી અલી (અ.સ.)ની વિલાયત અને સરપરસ્તીને સ્વીકારે અને તેમના દુશ્મનોથી અદાવત રાખે અને તેમના પછી તેમના વંશમાંથી જેટલા હાદી અને માર્ગદર્શકો આવે તેઓનું અનુસરણ કરે.''***

(ઓયુને અખ્બારે રેઝા, શયખ સદુક અ.ર., પા. ૧૬૧)

ઉપરોક્ત દર્શાવેલ હદીસથી સ્પષ્ટ છે કે નજાતની કશ્તી ઉપર સવાર થવાનો અર્થ છે : (૧) મૌલાએ કાએનાત અને અહલેબૈત (અ.મુ.સ.)ના બાકીના ઈમામોની વિલાયત અને સરપરસ્તી કબુલ કરવી. (૨) તેમના દુશ્મનોથી દુશ્મની અને અદાવત રાખવી. (૩) ઈમામોના દર્શાવેલા માર્ગ પર ચાલવાની કોશીષ કરવી એટલે કે તેમને અનુસરવું. (૪) ખુદાએ અઝઝ વ જલ્લએ બતાવેલા હુકમો અને કાનુનોનું પાબંદ થવું. એ કઈ રીતે શકય છે કે ઈન્સાન અહલેબૈત (અ.મુ.સ.)ની મોહબ્બતનો દાવો કરે અને અમલના મૈદાનમાં તેઓના દુશ્મનોનું અનુસરણ કરે ?

વાંચકોને વિનંતી છે કે હઝરત નુહ(અ.સ.)ની દાસ્તાન ઉપર ચિંતન અને મનન કરે. તેનો અભ્યાસ કરે. જેથી તેઓ

માટે એ વાત સ્પષ્ટ થઇ જાય કે જે કંઇ હઝરત નુહ(અ.સ.)ની કૌમમાં થયું એ જ બાબતનું અહીં હુબહુ પુનરાવર્તન થયું અને થઇ રહ્યું છે.

બીજી મહત્વની વાત એ છે કે આપણે આપણા આઅમાલ અને ચારિત્ર્યને સારી રીતે તપાસીએ કે શું તે નબી અને આલે નબી(સ.અ.વ.)ના જીવન ચરિત્ર મુજબ છે કે નહિં? આપણે નજાતની કશ્તી ઉપર સવાર થયા છીએ કે નહિ એ ચકાસવા માટે આ માપદંડ પૂરતો છે.

## (૭) અસ્સલામો અલય્ક યા અય્નલ હયાત

***સલામ થાય આપ ઉપર અય જીવનનું ઝરણુ***

'અય્ન' નો અર્થ છે આંખ અથવા ઝરણું. રાગીબ ઈસ્ફહાનીની 'અલ મુફરદાત' મુજબ 'અય્ન' નો અર્થ આંખ છે અને ચશ્મ સંયોજન રૂપે ઉપયોગ કરવામાં આવે છે. બીજા શબ્દોમાં 'અય્ન'ને ઝરણું એટલા માટે કહે છે કે જેવી રીતે આંખોમાંથી આંસુ વહે છે તેવીજ રીતે ઝરણામાંથી પાણી ફૂટીને બહાર વહે છે. અર્થાત અહિં 'અય્ન' શબ્દનો ઉપયોગ ઝરણાના અર્થમાં કરવામાં આવ્યો છે.

હયાતનો અર્થ છે ઝીંદગી. અરબી ભાષામાં 'નજાત'ની જેમ 'હયાત' પણ બાબે તફઅીલનું મસ્દર છે. અય્ની જીવન અતા કરવું. વાસ્તવિક જીવનને અરબીમાં હયવાન કહે છે. જેમકે કુરઆને કરીમમાં ઇરશાદ થાય છેઃ

***''વ ઈન્નદ્દારલ આખેરત લહેયલ હયવાનો''***

*''અને યકીનન આખેરતનું ઘર એજ સાચી ઝીંદગી છે.''*

(સુરા અન્કબુત, આ. ૬૪)

પરંતુ વારંવાર ઉપયોગ થવાના કારણે 'હયાત' પણ ઝીંદગીના અર્થમાં જ ઉપયોગ કરવામાં આવ્યો છે. ખૈર મૂળ મકસદ તરફ પાછા ફરીએ.

અલ્લામા શયખ મોહમ્મદ બાકીર મજલીસી અ.ર. કહે છેઃ ઈન્સાનની હયાત અને ઝીંદગીના બે પાસાઓ છેઃ (૧) હયાતે બદની જે જીવનની રૂહના કારણે છે અને (૨) હયાતે અબદી જેનો આધાર ઈમાન, ઈલ્મ અને રૂહાની ખૂબીઓ ઉપર છે અને જે આખેરતની ખુશનસીબીનું કારણ છે. તેથી ખુદાએ તેની પવિત્ર કિતાબમાં કાફીરોને મુરદાર, જે જીવન વગરના છે, તેમ કહીને સંબોધન કર્યુ છે. જ્યારે તે મોઅમીનો કે જે આ નાશવંત દુનિયામાંથી જાહેરી રીતે મૃત્યુ પામ્યા છે, પરંતુ દુનિયાની ઝીંદગીમાં ઈમાનની સંપૂર્ણતાના દરજ્જા ઉપર હતા, તેઓને જીવતા ગણવામાં આવ્યા છે. જેમ કે ઈરશાદ થાય છે :

*''વલા તહસબન્નલઝીન કોતેલૂ ફી સબીલીલ્લાહે અમવાતન, બલ અહ્યાઉન ઈન્દ રબ્બેહીમ યુરઝકૂન''*

*''જે લોકો અલ્લાહની રાહમાં શહીદ થઈ ગયા છે તેને તમે હરગીઝ મુર્દા ન સમજો. પરંતુ તેઓ જીવતા છે અને પોતાના પરવરદિગાર તરફથી રિઝ્ક મેળવે છે.''*

(સુરે આલે ઈમરાન, આ. ૧૬૯)

એક બીજી જગ્યાએ ઈરશાદ થાય છે :

*''ફલ નોહયેયન્નહૂ હયાતન તય્યેબતન''*

*''પછી અમે તેને યકીનન પાક જીવન અતા કરશું.''*

(સુરે નહલ, આ. ૯૭)

અને જીવતા કાફીરોને મુર્દા ગણવામાં આવ્યા છે.

*''ઈન્નક લા તુસ્મેઉલ મવ્તા. . .''*

*'' અય પયગમ્બર આપ યકીનન મુર્દાઓને સાંભળનારા નથી બનાવી શકતા.''*

(સુરે નમલ, આ. ૮૦)

આજ કારણ છે કે માં બાપનો હક એટલા માટે વાજીબ થાય છે કે આ નાશવંત ઝીંદગીમાં સંતાનોના ઉછેર અને સંસ્કારમાં તેઓની એક મહત્વની કામગીરી હોય છે. જેના પરિણામે ઈન્સાનના જીવનને બળ અને સહાય પ્રાપ્ત થાય છે.

જ્યારે કે રસુલે ખુદા(સ.અ.વ.) અને મઅસુમ ઈમામો(અ.મુ.સ.)નો હક લોકો ઉપર બન્ને રીતે છે. (શારીરિક જીવન અને રૂહાની જીવન) શારીરિક જીવન એટલા માટે કે આ હઝરતો તમામ સર્જનોના મકસદ છે. આ પવિત્ર હસ્તીઓના કારણે અલ્લાહના સર્જનો જીવન નિર્વાહની મીઠાશનો સ્વાદ ચાખી રહ્યા છે અને રોઝી મેળવી રહ્યા છે. તેઓના લીધે વરસાદના પાણીથી તૃપ્ત થઈ રહ્યા છે. તેઓના લીધે લોકો ઉપરથી અઝાબ ટળી જાય છે. આ જ હસ્તીઓ બધા અસબાબના સબબ છે. હવે રહી અબદી અને રૂહાની જીવનની વાત તો આ જ મહાન હયાત છે. રસુલે ખુદા(સ.અ.વ.) અને પવિત્ર ઈમામો(અ.મુ.સ.)ની હિદાયતના આધારે લોકો હિદાયત મેળવે છે. તેઓના નૂરથી નૂરાનીયત મેળવે છે અને તેઓના અગાધ ઈલ્મ થકી અલ્લાહ તઆલા લોકોને પવિત્ર જીવન અર્પણ કરે છે જેના કારણે તેઓ હંમેશા હંમેશા માટે અમર બની જાય છે.

(બેહારૂલ અન્વાર, ભા. ૩૬, પા. ૧૩)

## (૮)''અસ્સલામો અલય્ક સલ્લલાહો અલય્ક વ અલા આલે બય્તેકત તય્યેબીનત્‌તાહેરીન''

*''સલામ થાય આપ ઉપર અને ખુદા રહેમત ઉતારે આપ ઉપર અને આપના પાક અને પવિત્ર ખાનદાન ઉપર.''*

શબ્દ ''સલ્લા''નું મૂળરૂપ ''સલવ'' છે અને ''સલ્લા'' અરબીના નિયમ મુજબ બાબે તફઅીલનો પહેલો સીગો છે. (એટલે મુફરદે મુઝક્કરે ગાએબ) સલ્લા ફઅ્અલના માપ પર છે. ''સલ્લા'' નો અર્થ છે તેણે દુરૂદ મોકલ્યું અથવા તેણે રહમત ઉતારી. ઘણી વખત ભૂતકાળનું પહેલુ ક્રિયાપદ દોઆના અર્થમાં પણ વપરાય

છે. જેમકે આપ કહો છો ''રહેમ હુલ્લાહો'' એટલે અલ્લાહ તેની ઉપર રહેમત ઉતારે. જો કે રહેમ ભૂતકાળનું પહેલુ ક્રિયાપદ છે જેનો અર્થ થાય છે તેણે રહેમત ઉતારી. આ વાકયમાં ઝીયારત પડનાર હઝરત હુજ્જત ઉપર દુરૂદ મોકલી રહ્યો છે અને ખુદાવંદે આલમને દોઆ કરે છે કે ઈમામે ઝમાના(અ.સ.)ની સાથે સાથે તમામ પવિત્ર અહલેબૈત(અ.મુ.સ.) ઉપર રહેમત ઉતાર.

ઉપર દર્શાવ્યા મુજબ શબ્દ ''સલ્લા'' - ''સલવ'' થી બન્યો છે અને સલવ ના મૂળથી જ બન્યો છે 'સલવાત'. જેમકે આપણે મજલીસો અને મહેફીલોમાં સાંભળતા રહીએ છીએ. અહલેબૈત(અ.મુ.સ.) એવી હસ્તીઓ છે જેઓની ઉપર ખુદા, તેના ફરિશ્તાઓ અને બીજી પાક વ્યક્તિઓએ દુરૂદ અને સલામ મોકલ્યા છે : જેમ કે ઇરશાદે હક છે :

*''ઈન્નલ્લાહ વ મલાએકતહૂ યોસલ્લૂન અલન્નબીય્યે, યા અય્યોહલ્લઝીન આમનૂ સલ્લૂ અલય્હે વ સલ્લેમૂ તસ્લીમા''*

અહિં શકય છે કે કેટલાક અપરિપકવ મગજમાં આ સવાલ ઉભો થાય કે આ આયતમાં તો માત્ર નબી કરીમ ઉપર સલવાત મોકલવાની વાત કરવામાં આવી છે. અહલેબૈત (અ.મુ.સ.)નું નામ દર્શાવ્યું નથી. આવો, આ સવાલનો જવાબ સહીહ બુખારીના હવાલાથી આપીએ છીએ, જે એહલે સુન્નત વલ જમાઅતની સૌથી વધુ વિશ્વાસપાત્ર કિતાબ છે. બુખારીમાં રિવાયત છે કે ''એક વખત રસુલે ખુદા સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ ને સવાલ કરવામાં આવ્યો કે એ રસુલલ્લાહ અમે આપની ઉપર દુરૂદ કઈ રીતે મોકલીએ? આપે જવાબ આપ્યો કે તમે કહો ''સલ્લલ્લાહો અલયહે વ આલેહી'' અર્થાત અલ્લાહ રહેમત ઉતારે તેમની ઉપર અને તેમની ઔલાદ ઉપર.

આ હદીસથી બિલકુલ સ્પષ્ટ થાય છે કે આલ ઉપરના દુરૂદની વગર પયગમ્બર(સ.અ.વ.) ઉપરનું દુરૂદ પુરૂ નથી થતુ. પરંતુ અલ્લાહ લઅનત કરે તે પક્ષપાત ઉપર. બુખારી સાહેબે હદીસની નોંધ તો કરી દીધી પરંતુ જો આપ હદીસને ફરીથી વાંચો તો હદીસ શરૂ કરતા પહેલાં તે ખુદ લખે છે (સલ્લલ્લાહો અલયહે વસ્સલ્લમ) અર્થાત પયગમ્બર(સ.અ.વ.) ઉપર તો દુરૂદ મોકલ્યું પરંતુ આલના હકને ગસબ કર્યો.

ખરેખર તો નબી અને આલે નબી ઉપર સલવાત મોકલવાની ફઝીલત એટલી બધી છે કે આ લેખમાં લખવાનો અવકાશ નથી કે તેનો હક અદા થઇ શકે. તબરરૂક તરીકે એક રિવાયત નકલ કરીએ છીએ.

રસુલે ખુદા(સ.અ.વ.)એ ફરમાવ્યુંઃ જ્યારે મને મેઅરાજ ઉપર લઈ જવામાં આવ્યો ત્યારે 'યા અલી' તમે જાણો છો કે મેં તમારા બારામાં ફરિશ્તાઓને શું કહેતા સાંભળ્યા ? મેં સાંભળ્યું કે તેઓ આપનો વાસ્તો આપીને પોતાની હાજતો પૂરી કરાવી રહ્યા હતા. આપની મોહબ્બત થકી ખુદાની નઝદીકી મેળવી રહ્યા હતા અને મારા ઉપર અને આપની ઉપર દુરૂદ અને સલવાતને પોતાની શ્રેષ્ઠ ઈબાદત ગણતા હતા અને આ દોઆ કરી રહ્યા હતા.

*''અલ્લાહુમ્મ વ તહહીરના બિસ્સલવાતે અલય્હે વ અલા આલેહિત તય્યેબીન''*

*''બારે ઈલાહા! પયગમ્બર અને તેમની પાકીઝા આલ ઉપર સલવાત દ્વારા તું અમને પાક અને પવિત્ર રાખ.''*

(તફસીરે ઈમામે હસન અસ્કરી (અ.સ.), પા. ૩૦-૩૨ અને બેહારૂલ અન્વાર, ભા. ૪૧, પા. ૧૯ હ. ૧૨)

આપે જોયુ કે મોહમ્મદ અને આલે મોહમ્મદ(સ.અ.વ.) પર દુરૂદ અને સલામ દ્વારા મઅસુમ ફરિશ્તાઓની પાકીઝગીમાં વધારો થાય છે. તો પછી આપણી જેવા ગુનેહગારોને આ સલવાતોની જરૂરત તેમની સરખામણીમાં વધુ છે કારણકે આપણે માથાથી પગ સુધી ગુનાહોથી ભરાએલા છીએ.

બીજી મહત્વની વાત એ છે કે અમુક લોકો મજલીસો અને મહેફીલોમાં મોટા અવાજે સલવાત મોકલવામાં

અનુસંધાન પાના નં. ૨૭ પર

# ઝુહુરનો ઝમાનો : ઈલ્મ અને તઅલીમની સંપૂર્ણતા

ખુદાવંદે આલમના તમામ સર્જનોમાં માનવીને એટલા માટે શ્રેષ્ઠ કહેવામાં આવે છે કે તેનામાં વિકાસ અને પરીપૂર્ણતાની જે હાલત જોવા મળે છે તે અન્ય કોઈ સર્જનમાં જોવા નથી મળતી. તેથી પરવરદિગારે તેની હિદાયત અને માર્ગદર્શન માટે નબીઓ, રસુલો અને આસમાની કિતાબોને ઉતારી જેથી માનવી આ હિદાયત અને માર્ગદર્શનના સહારે ઉંચી મંઝીલોને તય કરીને ઈલ્મની પૂર્ણતા તરફ આગળ વધતો રહે.

માનવીની પરીપૂર્ણતા અને તેની ઉચ્ચતાના અસંખ્ય સાધનો જોવા મળે છે. તેમાં એવા જાણકાર અને હિંમતવાળા હાદી અને માર્ગદર્શકનું અસ્તિત્વ જે માનવતાની નિર્ધારિત પ્રગતિ અને પૂર્ણતાના તબક્કાઓને પસાર કરાવી શકે... માનવ ઈતિહાસ સાક્ષી છે કે માનવ સંસ્કૃતિમાં ખૂબીઓ એટલા માટે પૈદા ન થઈ શકી કે તે હિકમત અને અમલના પરિપૂર્ણતાના સાચા માધ્યમોથી માહિતગાર ન હતો અથવા પોતાની વાસના, દ્વેષભાવ અને દુશ્મનીના કારણે તે માધ્યમોથી માત્ર મોઢું ફેરવ્યું ન હતું. બલ્કે જ્યારે પોતાના અંગત લાભ અને વિષય વાસના તૃપ્ત કરવામાં અડચણ અનુભવતા ત્યારે તે માધ્યમોનો નાશ કરી દેતા અને હંમેશા માટે ચૂપ કરી દેતા. નબીઓએ તેઓની હિદાયત અને ઈલ્મની પરિપૂર્ણતા માટે ઈલાહી તાઅલીમ હેઠળ આમંત્રણ આપ્યું કે એક ખુદાની ઈબાદત કરે. ન્યાય અને ઈન્સાફ કાયમ કરે, બીજાના હકોનું રક્ષણ કરે. દરેકને સલામતી અને આરામનું જીવન પસાર કરવાનો મોકો આપે. પરંતુ તેઓને જુઠલાવવામાં આવ્યા. ખુબ જ ક્રુરતા સાથે એક જગ્યાથી બીજી જગ્યાએ ફેરવવામાં આવ્યા, કતલ કરવામાં આવ્યા. હઝરત ઝકરીયા(અ.સ.)ના પવિત્ર શરીર ઉપર કરવત ચલાવવામાં આવી. તો જનાબ યહ્યા(અ.સ.)ને ખૂબજ ક્રુર રીતે કતલ કરવામાં આવ્યા. હઝરત મુસા(અ.સ.)ની થોડા દિવસની ગયબતના કારણે બની ઈસરાઈલ હઝરત હારૂન(અ.સ.)ને કતલ કરવા માટે તૈયાર થઈ ગયા. યહુદીઓએ હઝરત ઈસા(અ.સ.)ને સૂળી ઉપર ચડાવવાનો પાકો ઈરાદો કરી લીધો. પછી આખર જમાનાના નબી હઝરત મોહમ્મદ મુસ્તફા(સ.અ.વ.)ને તેમની નિમણુંક અને રિસાલતના સમય ગાળા દરમ્યાન અનેક પ્રકારની મુશ્કેલીઓનો સામનો કરવો પડયો. આપની પછી થોડા જ દિવસોમાં એહલેબૈત(અ.મુ.સ.)નો હક ગસબ કરીને મોટા મોટા ઝુલ્મો ગુજારવામાં આવ્યા. છેવટે અમીરૂલ મોઅમેનીન અલી(અ.સ.) જે રસુલે ખુદા(સ.અ.વ.)ના સાચા વારસદાર હતા. તેમને પણ કુફાની મસ્જીદમાં ઈબ્ને મુલ્જીમની ઝહેર યુકત તલ્વારથી શહીદ કરવામાં આવ્યા. આવી જ રીતે ઈમામ હસન(અ.સ.), ઈમામ હુસૈન(અ.સ.), ઈમામ સજ્જાદ(અ.સ.) જેવા અગીયાર ઈમામોને પણ શહીદ કરી નાખવામાં આવે છે. પરંતુ પરવરદિગારે જે હેતુ માટે નબીઓ અને તેઓની પછી ઈમામોને મોકલ્યા હતા, તે ખુદાએ તેની મહેરબાનીથી ઈન્સાનની હિદાયત અને ઈલ્મને નક્કી કરેલા સ્તર સુધી પહોંચાડવા માટે આ જવાબદારી હઝરત બકિય્યતુલ્લાહ(અ.ત.ફ.શ.)ને અતા કરી. પરંતુ આ વખતે ઝુલ્મીઓના ઝુલ્મ અને અત્યાચારથી પોતાની હુજ્જતને સુરક્ષિત રાખવા માટે આપને લોકોની નઝરથી હટાવી લીધા. પરંતુ નેક અને પરહેઝગાર લોકો આપની ખિદમતમાં પહોંચતા રહ્યા અને મુશ્કેલીઓ હલ કરતા રહ્યા. ખુદાએ વાયદો કર્યો છે કે દુનિયાના વારસદાર એ લોકોને બનાવીશું, જેઓને નિર્બળ બનાવી દેવામાં આવ્યા છે. ખુદાનો વાયદો અટલ છે. પુરો થઈને રહેશે તેથી વધુમાં ફરમાવે છે...

*"અફગયર દીનિલ્લાહે યબ્ગૂન વલહૂ અસ્લમ મન ફીસ્સમાવાતે વલ્અર્ઝે તવઅંવ વકરહં વએલયહે યુરજઉન"*

*"શું તેઓ અલ્લાહના દીન સિવાય અન્ય કોઈ દીન ચાહે છે? જ્યારે આકાશો અને ઝમીનમાં જે કાંઈ છે તે ઈચ્છા કે અનિચ્છાએ તેને તાબે થાય છે અને તેનીજ તરફ પાછા ફેરવવામાં આવશે."*

(સુરા આલે ઈમરાન, આ. ૮૩)

એક દિવસ આવશે કે જ્યારે જમીન અને આસ્માનની બધી મખ્લુકો ખુદાની બારગાહમાં સ્વેચ્છાએ અને ખુશીથી અથવા પછી જબ્ર અને કરાહતથી સમર્પિત થશે. તો આ વાયદો તે સમયે પૂરો થશે, જ્યારે તેની અંતિમ હુજ્જત કયામ કરશે. દુનિયામાંથી ઝુલ્મ અને અત્યાચારનો નાશ થશે અને ન્યાય અને ઈન્સાફની બોલબાલા હશે.

## ઝુહુરના સમયની વિશેષતાઓઃ

ઝુહુરના સમયમાં હિકમત અને ઈલ્મ તેની પરાકાષ્ઠાએ હશે. ઝુલ્મ અને અત્યાચાર નહી હોવાનો દેખાવ તો આજે પણ કરવામાં આવે છે પરંતુ દરેક જગ્યાએ તેની ગેરહાજરી જોવા મળશે. આજે દુનિયામાં પ્રગતિશીલ અને સફળ હુકુમતોનો માપદંડ તો આજ દર્શાવવામાં આવે છે કે જે દેશ કે હકુમતમાં ઝુલ્મ અને અત્યાચાર ન હોય, ઈન્સાફ અને સમાનતા હોય, શાંતિ અને સલામતિ હોય, ભાઈચારો અને એક બીજાના હક્કોની જાળવણી હોય, ખુશહાલી હોય, આર્થિક મુશ્કેલીઓ ન હોય, તે સફળ અને પ્રગતિશીલ દેશ કહેવાય છે. પરંતુ આજે દુનિયામાં કોઈ એવો દેશ નથી, બલ્કે દુનિયાનો કોઈ ખૂણો એવો નથી જ્યાં આ બધી કે તેમાંની થોડી ચીજો પણ જોવા મળે. પરંતુ અલ્લાહનો લાખ લાખ શુક્ર છે કે જ્યારે ખુદાની અંતિમ હુજ્જતની હુકુમત સ્થાપિત થશે તો તે સમયે ઝુલ્મ અને અત્યાચાર નાશ પામ્યા હશે. માર્ગો સલામતિથી ભરપૂર હશે અદલ અને ઈન્સાફ કાયમ થશે. જમીન તેની બરકતો જાહેર કરી દેશે. દરેક હકદારને તેનો હક મળી જશે.

(બેહાર, ભાગ પર, પા. ૩૩૮)

સમાજમાંથી ચિંતા અને તંગદસ્તી નાબુદ થશે. લોકો ઝકાત અને માલ માટે મોહતાજ લોકોને શોધશે. પરંતુ તે લેનાર કોઈ નહિ હોય.

(બેહાર, ભાગ પર, પા. ૩૬૦)

ભાઈચારાની ભાવના અને શાંતિ અને સલામતીની એ પરિસ્થિતિ હશે કે વિકરાળ પશુઓ અને પ્રાણીઓ આપસમાં ભેગા મળીને જીવન વ્યતિત કરશે. એક એકલી સ્ત્રી અથવા વૃધ્ધ અને અશકત સ્ત્રી પૂર્વથી લઈને પશ્ચિમ તરફ રવાના થશે અને તે સલામતી પૂર્વક પોતાની સફર પૂરી કરશે. રસ્તામાં તેને કોઈ ભય નહિ હોય.

(બેહાર, ભાગ. પર, પા. ૩૪૫)

## ઝુહુરના સમયના વિજ્ઞાન અને ટેક્નોલોજીની પ્રગતિઓઃ

તમામ નબીઓના ઝમાનામાં બલ્કે ખુદ રસુલે ખુદા(સ.અ.વ.) અને મઅસુમ ઈમામોથી લઈને આજ સુધી જે ઈલ્મ અને જ્ઞાન ફેલાયું તે માત્ર બે અક્ષરના ઈલ્મો છે પરંતુ હઝરત મહદી(અ.સ.)ના ઝુહુરના સમયગાળાના સિલસિલામાં ઈમામ સાદિક(અ.સ.) ફરમાવે છેઃ

*"અલ ઈલ્મો સબ્અતુન વ ઈશ્રૂન હર્ફન્ ફ જમીઓ મા જાઅત બેહીર્ રોસોલો હર્ફાને ફલમ યાઅરેફીન્નાસો હત્તા અલ યવ્મ ગય્રલ હર્ફય્ને ફ એઝા કામ કાએમોના અખ્રજ ખમ્સત વલ ઈશ્રીન હરફન્ ફ બસ્સહા ફિન્નાસે વ ઝમ્મ એલય્હલ હર્ફય્ને હત્તા યબસ્સહા સબ્અત વ ઈશ્રીન હર્ફન્"*

(બેહાર, ભાગ. પર, પા. ૩૩૬)

*"ઈલ્મ ૨૭ અક્ષરો ઉપર આધારિત છે. તે તમામ ઈલ્મ જે નબીઓ લઈને આવ્યા હતા તે માત્ર બે અક્ષરો હતા. અને દુનિયાના માનવીઓ આજ સુધી આ બે અક્ષરના ઈલ્મ સિવાય કાંઈ જાણતા પણ નથી (પરંતુ) જ્યારે અમારા કાએમ(અ.સ.) કયામ કરશે ત્યારે બીજા ૨૫ અક્ષરોને પણ પ્રકાશિત કરી દેશે અને તે લોકોની દરમ્યાન ફેલાવી દેશે અને પહેલા બે અક્ષરોને પણ*

*ભેળવી દેશે. જેથી પૂરે પુરૂં સંપૂર્ણ રીતે ૨૭ અક્ષરોનું ઈલ્મ ફેલાય જાય.''*

આ હદીસથી એ વાત સ્પષ્ટ થઈ જાય છે કે ઈમામ(અ.સ.)ના સમયગાળામાં ઈલ્મ એક અસાધારણ છલાંગ લગાવશે, એટલું આગળ વધશે કે બધા પયગમ્બરોના ઝમાનામાં જેટલું ઈલ્મ માનવીઓને આપવામાં આવ્યું છે તેના કરતાં બાર ગણી વધુ પ્રગતિ થશે. માનવી માટે બધા લાભદાયક રચનાત્મક વિજ્ઞાનના દરવાજાઓ ખુલી જશે અને જેટલો માર્ગ માનવીએ હજાર વર્ષમાં પુરો કર્યો છે, તેના કરતા બાર ગણો વધુ રસ્તો ટૂંક સમયમાં પુરો કરશે. આથી વધુ સારી છલાંગ શું હોય શકે કે જ્યારે દુનિયાના લોકોની આજ સુધીની પ્રગતિ અને મહેનતોનો સ્ત્રોત બે અક્ષરો છે જે ઝમાનો બે અક્ષરો સિવાય બીજા ૨૫ અક્ષરોના જ્ઞાનથી પણ સુસજ્જ થઈ જશે તેની ટેક્નોલોજી અને પ્રગતિ તો કમ્યુનીકેશનના સાધનો અને સુવ્યવસ્થાની પરિસ્થિતિ શું હશે? અબુ બસીર ઈમામ સાદિક(અ.સ.) થી રિવાયત કરે છે:

*''એઝા તનાહતિલ ઓમૂરો એલા સાહેબે હાઝલ અમ્રે રફઅલાહો તબારક વ તઆલા . . .''*

(બેહાર, ભાગ. ૧૩, પૂર્વ પ્રકાશન, પા. ૧૮૫)

જ્યારે બધી બાબતો વિલાયતના માલિક હઝરત મહદી(અ.સ.)ની પાસે આવી જશે ત્યારે ખુદાવંદે આલમ દુનિયાના નીચા ભાગોને ઉંચા કરી દેશે અને તેના બધા ઉંચા ભાગોને એવી રીતે નીચે લાવી દેશે કે આપના માટે સમગ્ર વિશ્વ હથેળી જેવું બની જશે. તમારામાંથી કોણ એવો છે કે જેની હથેળીમાં વાળ હોય અને તે તેને ન જોઈ શકતો હોય. ?

આ હદીસથી એ જાણવા મળે છે કે ઝુહુરના ઝમાનામાં કેન્દ્રીય હુકુમત સમગ્ર દુનિયાની પરિસ્થિતિનું ધ્યાન રાખશે. જેથી સમય વેડફયા વગર દુનિયાને મુશ્કેલીઓ દૂર કરવાની કોશીશ કરે અને જાણે અજાણે થતા દરેક પ્રકારના ઝઘડા ફસાદને માથું ઉંચકતા વેંત દબાવી દે.

ઝહુરના ઝમાનાના બીજા એક કમાલ વિષે ઈમામ સાદિક(અ.સ.) ફરમાવે છે:

*''ઈન્ન કાએમના એઝા કામ અશ્રકતિલ અરઝો બે નૂરે રબ્બેહા વસ્તગ્નલ એબાદો મિન ઝવઈશ્ શમ્સે''*

(બેહાર, ભાગ. ૫૨, પા. ૩૩૦, નકલ અલ ગયબહ-શૈખ તુસી)

*''બેશક જ્યારે અમારા કાએમ(અ.સ.) કયામ કરશે ત્યારે દુનિયા પોતાના પરવરદિગારના નૂરથી પ્રકાશિત થઈ જશે અને અલ્લાહના બંદાઓ સૂર્ય પ્રકાશથી બેનિયાઝ થઈ જશે.''*

અર્થાત તે ઝમાનામાં પ્રકાશ અને વિજળીની મુશ્કેલી એટલી હદ સુધી હલ થઈ જશે કે માનવી સૂર્યની શક્તિથી બેનિયાઝ થઈ જશે કે જે એટમીક શકિત ઉપરાંત બધી શકિતઓનો સ્ત્રોત છે. કદાચ આ વાત જે અણું શકિતના પ્રગતિયુકત પધ્ધતીની રોશનીમાં સ્વીકાર્ય હોય. આ વર્તમાન પ્રકાશને પ્રસરાવીને, જે હાલના એટમી શકિતના ઉપયોગમાં સૌથી વધુ મુશ્કેલી છે, તેનો લાભ લેવામાં આવશે.

ઝુહુરના ઝમાનામાં એવા ઝડપી વાહન વ્યવહાર હશે, જેની સરખામણીમાં વર્તમાન વાહનો કશું જ નથી. જે માત્ર પૃથ્વીની સપાટી ઉપર ચક્કર મારવા માટે નહિં, બલ્કે લાંબી અવકાશી સફર કરવા માટેના હકુમતના કબ્જામાં હશે. ઈમામ મોહમ્મદ બાકીર(અ.સ.)ની રિવાયત છે:

*''ઝખર બસાહેબેકુમ અસ્સઅબે કુલ્તો વ મસ્સઅબો? કાલ મા કાન મિન સહાબે ફીહે રઅદુન વ સાએકતુન અવ બર્કુન''*

*''તમારા સાહેબ અને વલી (હ. મહદી અ.સ.)ને માટે એક ખાસ વસીલો તૈયાર કરવામાં આવ્યો છે પૂછવામાં આવ્યું : તે શું છે? આપે ફરમાવ્યું :તે એક એવું વાદળુ છે જેમાં વિજળી અને ગર્જનાની ગણગણાહટ છે. તે તેમના પર સવાર થશે જાણી લો કે બહુ જ જલ્દી તે વાદળ પર સવાર થશે અને ઝમીન અને આસમાનના*

*સાતેય સ્તરો તરફ સફર કરશે.''*

## ઝુહુરનો સમય અને ઇલ્મની પરિપૂર્ણતા

પરવરદિગારે આલમ ઈમામ મહદી(અ.સ.) ના હુકૂમતના સમયમાં અકલ અને ઇલ્મના અનંત દરીયાને વહાવશે, જેનાથી ઈન્સાનિયત ઉંચા સ્થાને આસાનીથી પહોંચી જશે. આ બાબતમાં ઈમામ મોહમ્મદ બાકિર(અ.સ.) ફરમાવે છે :

*''એઝા કામ કાએમોના વઝઅલાહો યદહૂ અલા રોઅસિલ એબાદે ફ જમઅ બેહા ઓકૂલહુમ વ કમોલત બેહા અહલામોહુમ''*

*''જ્યારે અમારા કાએમ(અ.સ.) કયામ કરશે ત્યારે ખુદા તેમના (ઈમામ અ.સ.ના) હાથને બંદાના માથા ઉપર રાખી દેશે અને તેમના થકી તેઓની બુધ્ધિને સંપૂર્ણ અને તેઓની વિચારશક્તિ પરીપૂર્ણ કરી દેશે. ''*

(ઉસુલે કાફી, ભાગ ૧, પા. ૧૯, બેહાર, ભાગ. ૫૨, પા. ૩૨૮)

અર્થાત આ રીતે ઈમામ(અ.સ.)ની હિદાયતની રોશનીમાં અને આપની મહેરબાની હેઠળ દીમાગો પ્રગતિના સોપાનો સર કરશે. વિચારો ખીલી ઉઠશે અને દરેક પ્રકારના સંકુચિત વિચારો, ટૂંકી દ્રષ્ટિ અને વિચારો કે જે ઘણાખરા મતભેદો, લડાઈ ઝઘડા અને સામાજીક વિખવાદો, વિરોધનું મૂળ છે ખતમ થઇ જશે. આજે દુનિયા વાસ્તવિક જ્ઞાનથી વંચિત છે. આથી આજે દુનિયાની હુકુમતો, ગરીબી, બીજાના હક ઓળંગવા અને લડાઈ, ઝઘડાઓથી સમાજને સુરક્ષિત રાખવા ઇલ્મ તરફ સમાજનું ધ્યાન દોરવા પુરો પ્રયત્ન કરી રહી છે. પરંતુ જ્યારે પોતે હકીકી ઇલ્મથી વંચિત છે ત્યારે તેનાથી કાંઈ હાસિલ થવાનું નથી. ઝુહુરના ઝમાનામાં પરિપક્વ નઝર, સ્પષ્ટ ખયાલ, દુરઅંદેશી, વિશાળ હ્રદય અને બુલંદ હિમ્મતવાળા લોકોને તાઅલીમ આપવામાં આવશે. આ લોકો ઘણી સામાજીક મુશ્કેલીઓને પોતાની રૂહની અંદર હલ કરશે અને સુલેહ અને સ્વચ્છતાથી ભરપૂર દુનિયાનું ઘડતર કરશે. તે ઝમાનામાં જે ઇન્સાની દુનિયાનું ઘડતર કરતા હશે તેઓના માટે ઈમામ બાકીર(અ.સ.) ફરમાવે છે:

*''એઝા કામલ કાએમો (બઅસ) ફી અકાલીમીલ અરઝે ફી કુલ્લે અકલીમિન રજોલન યકૂલો અહદોક ફી કફફેક ફ એઝા વરદ અલૈક માલા તફ્હમોહૂ''*

*''જ્યારે ઈમામ કયામ કરશે તો જમીન પર દરેક ક્ષિતિજમાં એક માણસને મોકલશે, અને તેને ફરમાવશે તમારૂં કામ અને હુકમનું ફરમાન તમારી હથેળીમાં લખાએલું છે. જો તમારી સામે કોઈ પ્રશ્ન ઉભો થાય અને તે બારામાં ન જાણતા હો કે શું નિર્ણય આપવો તો પોતાની હથેળીમાં જોઈ લેજો. જે લખ્યું હોય તેના ઉપર અમલ કરજો. ''*

(બેહાર, ભાગ ૫૨ પેજ. ૩૬૫, નકલ ગયબતુલ નોઅમાની)

જાણે કે તે એવો ઝમાનો હશે કે દુનિયાની દરેક ક્ષિતિજ જ્ઞાનથી ભરપૂર હશે. ઈમામ સાદિક(અ.સ.) ફરમાવે છે:

*''જ્યારે અમારા કાએમ(અ.સ.) કયામ કરશે ત્યારે ખુદા અમારા શીઆઓની આંખો અને કાનોને એવી શકિત આપશે કે તેમના અને કાએમ(અ.સ.) વચ્ચે કોઈ સંદેશાવાહક ન હશે. તેઓના ઈમામ તેઓની સાથે વાતો કરશે અને શીઆ તેમની વાતોને સાંભળશે અને તેઓને જોશે જો કે તે પોતાના ઘરમાં હશે (અને શીઆ દુનિયાના બીજા ભાગમાં)''*

(રવઝે કાફી, મુન્તખબુલ અસ્ર, પા. ૪૮૩ મુજબ)

આ તે ઝમાનાના જ્ઞાનની પરીપૂર્ણતાનું રહસ્ય છે. તે ઝમાનામાં એહકામ અને યોજના એવી વ્યવસ્થા વડે સંચાલન કરવામાં આવશે અને અમલમાં મુકવામાં આવશે જેમાં એક બીજાને જોઇ શકાશે અને એક બીજા સામે હાજર રહેશે. માનવ સમાજનું તંત્ર ચલાવવા માટે કેટલી ઉમદા યોજના છે. આગળની હદીસને ઈમામ સાદિક(અ.સ.) એક બીજી હદીસ થકી સારી રીતે સ્પષ્ટ કરીને મુકમ્મલ ફરમાવે છે:

*''ઈન્નલ મોઅમેન ફી ઝમાને કાએમિન વહોવ બિલ મશરેકે સ યરા અખાહુલ લઝી ફિલ મગરેબે''*

*''બેશક ઝુહુરના સમયે મોઅમીન પૂર્વમાં હશે અને તેનો ભાઈ જે પશ્ચિમમાં બેઠો હશે, તેને જોઈ*

અનુસંધાન પાના નં. ૨૪ પર

# શયખુત્તાએફહનું સંકલન કિતાબુલ ગય્બહ

આ લેખમાં અમારો હેતુ આલિમે રબ્બાની શયખુત્તાએફહ અબુ જઅફર મોહમ્મદ બીન હસન તુસી (કુદદેસ સિર્રરોહુ)ની મશહુર કિતાબ અલગયબતનો પરિચય કરાવવાનો છે.

આપની મહાનતા અને વ્યકિતત્વ માટે થોડા લકબો જોઈએ. ઈમામુલ ફિરકતે બઅદલ અઇમ્મતીલ મઅસુમીન(અ.સ.) (''ઈમામો(અ.સ.) પછી ફીરકાના ઈમામ'') એમાદુશશીઅતે ઈમામીયા (શીઆના સ્તંભ) મોહકકેકુલ ઉસુલે વલ ફુરૂએ (ઉસુલ અને ફુરૂએ દીનના સંશોધન કરનાર) આપણા મહાન આલિમોએ આપની પ્રશંસામાં કહ્યું આલેમન, આમેલન, તરીકન, નબીહન, ઝકીયન, નબીલન, ફહીમન, ફકીહન, મોફસ્સેરન..... આપે બધી ઈસ્લામી ઈલ્મોની કિતાબો લખી છે. આપના વિશે કહેવામાં આવે છે: ''વ કાનલ કુદરતો ફી કુલ્લે ઝાલેક વલ ઇમામ''. ન આપ તે બધા ઈલ્મોમાં ઉદાહરણ અને નમુના રૂપે છે. એટલે આપનું લખાણ અને આપનો અંદાઝ આપણાં શીઆઓ માટે નમુનારૂપે છે. આપણા આલિમો આ બધા લખાણોથી લાભ લેતા રહ્યા અને લઇ રહ્યા છે.

આપના સંકલનોમાં કિતાબુલ ગય્બહ પણ ઘણી મશહુર છે. ઈમામે ઝમાના(અ.સ.)ની ગયબતના અનુસંધાનમાં શંકાઓ દૂર કરવા માટે આ એક શ્રેષ્ઠ કિતાબ છે. લેખક ખુદ કહે છે કે મેં આ કિતાબમાં ગયબત અંગેના જુદા જુદા સવાલોના જવાબ માટે સહીહ હદીસોને ભેગી કરી છે.

કિતાબુલ ગય્બહમાં એક પ્રસ્તાવના અને આઠ પ્રકરણો આવેલા છે.

**ગયબતના પ્રકરણ વિષેઃ**

જનાબ શેખ તુસી(અ.ર.) કહે છે કે આપણી ચર્ચા ઈમામે ઝમાના(અ.સ.)ની ગયબતને સાબિત કરવા માટે બે રીતે થાય છે. પહેલી રીત સાબિત કરવાની એ છે કે દરેક સંજોગોમાં ઈમામનું હોવું જરૂરી છે. તેનું કારણ એ છે કે લોકો માસુમ નથી. તેથી કોઈ પણ ઝમાનામાં એક માર્ગદર્શક અને ઈમામની વગર પોતાની બાબતોને અંજામ આપી શકતા નથી. તેથી હંમેશા માટે મઅસુમ ઇમામ હોવા જોઈએ પછી ચાહે તે ઈમામ જાહેરમાં અને જોઈ શકાતા હોય કે ગાએબ અને અદ્રષ્ય હોય. પરંતુ આપણે જાણીએ છીએ કે અમુક લોકો એવી વ્યકિતને ઈમામ, ખલીફા, ઉલુલ અમ્ર અને પયગમ્બરના વારસદાર માને છે જે કોઈપણ રીતે મઅસુમ ન હતા. બલ્કે તેઓના જાહેરી અમલો અને કાર્યો ખુદ આ વાતના સાક્ષી છે. તેથી તેઓને ઈમામ માનવા યોગ્ય નથી.

તેવીજ રીતે ફીરકા કૈસાનીયા, નાવોસીયા, ફત્હીયા અને વાકેફીયા વિગેરે ફિરકા જેને ઈમામે ગાએબ માને છે તે પણ બાતીલ છે. તેથી આપણે અકીદો ધરાવીએ છીએ કે ઈમામ હસન અસ્કરી(અ.સ.) ના ફરઝંદ અને તેમની ગયબત અને વિલાયત બધું સાચું છે. આની સાબિતી પછી વધુમાં તેમના જન્મ અને ગયબતના કારણો વિગેરેની ચર્ચા અને વાતચીત.

બીજી રીત એ છે કે જરૂરત નથી કે ઈમામ મહદી(અ.સ.)ની ગયબત ઈમામ(અ.સ.)ની ઈમામતની સાબિતીની જ એક શાખા છે (અર્થાત ઈમામ મહદી(અ.સ.) ની ઈમામત સાબીત થઈ જાય છે તો ગયબત ખુદ બખુદ સાબિત થઈ જાય છે) તેથી જો આપણા વિરોધીઓ આપણા અકીદાને સ્વીકારે અને ઈમામ(અ.સ.)ની ઈમામતને કબુલ કર્યા પછી તેમની ગયબત ઉપર સવાલ કરે તો તેનો જવાબ ખુદ તેઓની પાસે

જ પૂછવામાં આવે અને જો તેઓ ઈમામ(અ.સ.)ની ઈમામતને કબુલ ન કરતા હોય તો તેઓનો વિરોધ અથવા સવાલ ઈમામ(અ.સ.)ની ગયબતના બારામાં અસ્થાને છે.

અને જ્યારે ઈમામતની સાબિતી માટે આપણને પૂછશે તો આપણે જવાબ આપશું કે અમે સંતોષકારક દલીલોથી યોગ્ય સ્થાને સાબિત કરી દીધું છે કે દરેક પરિસ્થિતિમાં અને દરેક ઝમાનામાં જે લોકો મઅસુમ નથી તેઓની વચ્ચે જેમની ઉપર શરીઅતની જવાબદારીઓ રહેલી છે તેઓ માટે એક રહેબર - માર્ગદર્શકનું હોવું જરૂરી છે અને એ પણ સાબિત કરી ચૂકયા છીએ કે ઈમામ હોવાની શરતમાં ઇસ્મત એક અનિવાર્ય શરત છે.

આ પ્રસ્તાવના પછી અમે એમ કહીએ છીએ કે ઈમામના અસ્તિત્વના અકીદાના બારામાં મુસલમાનો અમુક સમુહોમાં વહેંચાએલા છે.

એક સમુહનો અકીદો છે કે ઈમામનું અસ્તિત્વ લોકોની વચ્ચે નથી પરંતુ આપણા અકીદા મુજબ જે દલીલો અમે દરેક ઝમાનામાં ઈમામના હોવા ઉપર રજુ કરી છે તેનાથી તેઓના દાવાઓ રદ થઈ જાય છે.

બીજો ફીરકો અમુક એવા લોકોને ઈમામ માને છે જે કોઈપણ રીતે મઅસુમ નથી. આ અકીદો પણ આપણી તે દલીલો હેઠળ કે ''ઇસ્મત ઈમામના માટે જરૂરી છે'' રદ થઈ જાય છે. આ બાબતમાં તો તે લોકોની જાહેરી હાલતથી જોઈને જ ખ્યાલ આવી જાય છે કે તેઓ મઅસુમ ન હતા. તેથી જે વાત આપણે સારી રીતે જાણીએ છીએ તેને સાબિત કરવા માટે દલીલ કરવી અસ્થાને છે.

ત્રીજો ફીરકો, કૈસાનીયા છે જેઓ મોહમ્મદ બીન હનફીયાની ઈમામતને માનનારા છે. તેવીજ રીતે નાવોસીયા કહે છે કે ઈમામ જઅફર સાદિક(અ.સ.)ની વફાત જ નથી થઈ અને તે આખર ઝમાનાના ઈમામ છે. વાકેફીયા ફીરકા એ ઈમામ મુસા કાઝીમ(અ.સ.)ની પછી કોઈને ઈમામ નથી માન્યા. તેઓને અકીદો છે કે તે જીવતા છે. અમે થોડી દલીલોથી સાબિત કરશું કે આ બધા અકીદા ખોટા છે.

માનવંતા વાચકો! અમે આ લેખમાં કિતાબ ગયબતની ઓળખ રજુ કરી રહ્યા છીએ. જેથી અહલેબૈત (અ.મુ.સ.)ના શીઆઓ આ કિતાબનો અભ્યાસ કરે અને મહત્વના વિષયો-બાબતો ઉપર આપણા બુઝુર્ગ આલીમોના અથાગ પ્રયત્નોનો લાભ ઉઠાવે. અમે દિલચશ્પી માટે કિતાબની શરૂઆતની ચર્ચા એટલા માટે રજુ કરી કે જેથી શોખ ધરાવતા વાંચકો ઈમામતની દલીલોનો અભ્યાસ કરે.

અમે ગયબતની દલીલોમાં બે પ્રકારની રીત પસંદ કરી છે. જો કે આ એ બાબત ઉપર આધારિત છે કે તે ફીરકાઓના અકીદાઓને રદ કરે. અને આ ચર્ચા માટે ત્રણ પાયાની વાતોની જરૂરત છે. (૧) ઈમામના અસ્તિત્વની જરૂર (૨) ઈમામનું મઅસુમ હોવુ અને (૩) હક કયારેય પણ ઈસ્લામની ઉમ્મતમાંથી દૂર નહિ થાય.

હવે અમે આ ત્રણ મૂળભૂત-બુનિયાદી બાબતોને ટૂંકમાં રજુ કરીએ છીએ. તેની વિગતવાર ચર્ચા અમે ઈમામત સાબિત કરતી કિતાબોમાં લખી ચૂકયા છીએ. અહિં અમે માત્ર ઈમામે ઝમાના(અ.સ.)ની ગયબતને લગતી બાબતો રજુ કરશું.

નોંધ:વધુમાં આ કિતાબમાં નીચે દર્શાવેલ બાબતો લખવામાં આવેલ છે.

૧. ઈમામે ઝમાના(અ.સ.)ની વિલાદત ઉપર અકલી અને નકલી (હદીસ અને કુર્આનની આયતો મુજબ) દલીલો પા. ૧૫૩ થી ૧૬૬.
૨. એવા વાકેઆત અને રિવાયત કે જેમાં નકલ થયુ છે કે લોકોએ આપ(અ.સ.)થી મુલાકાત કરી. પા. ૧૬૭ થી ૧૮૯.
૩. ગયબતના ઝમાનામાં ઈમામે ઝમાના(અ.સ.)ની ઈમામત સાચી છે, મોઅજીઝાઓ દ્વારા પા. ૧૮૯ થી ૨૨૨
૪. ઝહુરમાં અડચણોના કારણો પા. ૨૨૨ થી ૨૩૧.
૫. ગયબતના ઝમાનામાં પ્રતિનિધિઓ અને નવ્વાબો પા. ૨૩૧ થી ૨૩૯ તેમાં બે પ્રકારના પ્રતિનિધિઓની ચર્ચા છે 'મમદુહ' અને 'મઝમુમ'. મમદુહ તે હસ્તીઓ છે જેને ઈમામ(અ.સ.)ની તરફથી નિમવામાં આવ્યા છે અને મઝમુમ તે લોકો

છે જેઓએ આ બાબતમાં ખયાનત કરી અને ખુદને ઈમામના પ્રતિનિધિ અને નાએબ જાહેર કર્યા.

૬. ઈમામે ઝમાના(અ.સ.)ની લાંબી વય પા. ૨૮૩
૭. હઝરત મહદી(અ.સ.)ના ઝહુરની નિશાનીઓ, પા. ૨૮૯.
૮. ઈમામે ઝમાના (અ.સ.)ની સિફતો, સ્થાન, દરજ્જો અને જીવન ચરિત્ર, પા. ૩૧૦ થી ૩૫૪.

**કિતાબે ગયબતની એક જલક :**

*રસુલે ખુદા(સ.અ.વ.)એ તેમની વફાતની રાત્રે હઝરત અલી(અ.સ.)ને ફરમાવ્યું: "અય અબુલ હસન! કાગળ અને કલમ હાજર કરો"*

પછી આપે પોતાની વસીયત લખાવી એટલે સુધી કે ફરમાવ્યુ:

*"યા અલી! મારા પછી ૧૨ ઈમામ થશે... તમે તેઓમાંના પહેલા ઈમામ છો. અલ્લાહે તમારૂં નામ અલીય્યુલ મુરતઝા, અમીરૂલ મોઅમેનીન, સીદ્દીકે અકબર, ફારૂકે અઅઝમ, અલ મામુન અને અલ મહદી રાખ્યું છે તેથી આ નામ બીજા કોઈના માટે સાચા નથી. તમે મારા વસી છો મારી અહલેબૈત પર, મારી સ્ત્રીઓ પર, તમે મારા ખલીફા છો મારી ઉમ્મત પર મારા પછી, ત્યાં સુધી કે તમે મૃત્યુ પામો. પછી તમે તે મારા પુત્ર હસનને સોંપી દેજો, પછી તે હુસૈનને, પછી... પછી... પછી... જ્યારે હસનુલ ફાઝીલના મૃત્યુનો સમય આવે તે તેને તેના પુત્ર મોહમ્મદુલ મુસ્તહફીઝને સોંપી દે."*

(કિતાબુલ ગય્બહ - શેખ તુસી, પા. ૧૦૭-૧૦૮)

મોહમ્મદ બીન ઉસ્માન ર.અ. ને જઅફર હમીરીએ પુછયું કે આપે સાહેબુલ અમ્ર(અ.સ.)ને જોયા છે ? ત્યારે આપે કહ્યું: હા, છેલ્લી વખત મેં હઝરતને બયતુલ હરામની પાસે જોયા. ત્યારે કહી રહ્યા હતા...

*"અલ્લાહુમ્મ અન્જીઝ લી મા વઅદ્તની"*
*"પરવરદિગાર! જે વાયદો તેં મારી સાથે કર્યો છે તે પુરો કરી દે."*

પછી મેં હઝરત સલવાતુલ્લાહે અલયહને મુસ્તજારમાં કાઅબાનો ગીલાફ પકડીને કહેતા જોયા.

*"અલ્લાહુમ્મ ઈન્તકીમ લી મિન અઅદાએક"*
*"પરવરદિગાર! તારા દુશ્મનોનો મારા થકી બદલો લે."(પા.૧૬૭)*

અમુક લોકોએ હજના પ્રસંગે સાતમી ઝીલ્હજ હી.સ.૨૯૩ના રોજ ઈમામે ઝમાના(અ.સ.) સાથે મુલાકાત કરી અને અમૂક દોઆઓ નકલ કરી. એક દોઆ વિષે કહ્યુ:- હઝરત અલી બીન હુસયન સય્યદુસ્સાજેદીન (અ.સ.) આ જગ્યાએ (હજ્રે તહતુલ મીઝાબ) ઉપર તેમના સજદામાં આ દોઆ પડયા કરતા હતા...

*"અબીદોક બે ફેનાએક, મિસ્કીનોક બે ફેનાએક, ફકીરોક બે ફેનાએક, સાએલોક બે ફેનાએક, યસ્અલોક મા લા યકદેરો અલય્હે ગયરોકન..."*

(પા.૧૭૩)

લેખના અંતમાં બારગાહે ખુદાવંદીમાં દોઆ કરીએ કે ખુદાયા અમને તે ખુબસુરત ચહેરા અને તેજસ્વી રૂખ દેખાડી દે અને અમારી આંખોમાં તેમના દીદારનો સુરમો લગાવી દે અને ઈમામ(અ.સ.)ના ઝહુરમાં જલ્દી કર.

---

પાના નં. ૨૧ થી શરૂ .......

---

*રહયો હશે, તેજ રીતે પશ્ચિમમાં રહેતો માણસ પૂર્વના માણસને જોઈ શકશે."*

(મુન્તખબુલ અસર, પા. ૪૮૩, બેહાર, ભાગ. ૫૨, પા. ૩૯૨)

આ હદીસથી જાણવા મળે છે કે તે સમયનું જ્ઞાનનું પૂર્ણતાના દરજ્જે પહોંચી જવાનું પરિણામ એ આવશે કે ન માત્ર વહીવટી સ્તર ઉપરનો સીધો સંપર્ક બરકરાર રહેશે બલ્કે સામાજીક સ્તરે પણ બરકરાર થઈ જશે. જાહેરી અને શારીરિક સંપર્ક બન્નેની રૂહાની સંપર્કને વધુ મજબુત બનાવશે. જાણે કે આ દુનિયા એક પરિવારની જેમ અને સમગ્ર સમાજ એક પરિવારની વ્યકિતઓની જેમ જીવન પસાર કરશે.

અય ખુદા! તારી બારગાહમાં અમારી પાસે આજીજી સિવાય બીજુ કશું નથી તે સાથે વિનંતી કરીએ છીએ કે સૌથી પહેલા આખરી હુજ્જતના માટે અમો ગુલામોની ખીદમતોને કબુલ કર. તેમના ઝુહુરથી અસ્તિત્વને સંપૂર્ણ કર અને અમને પણ ઝહુરના ઝમાનામાં માનવ - જગતના ઘડતર કરનારાઓમાં જોડી દે. આમીન.

પાના નંબર ૩૦ પરથી શરૂ.....

દિશાઓ ઝગમગી રહી છે. દરેક બુધ્ધિજીવી આશ્ચર્યમાં ગરકાવ છે કે આ અલ્લાહ તઆલાના દીનનું લશ્કર જેમાં માત્ર ૭૨ વ્યકિતઓ હતા. તેનો કેવો ભય અને દબદબો હતો કે લશ્કર પર લશ્કર ઉમટીને કરબલાના મૈદાનમાં આવી રહ્યા હતા. આ દીને ઈલાહીના લશ્કરમાં છ મહીનાના અલી અસગર (અ.સ.) પણ હતા. બાર વર્ષના હઝરત કાસીમ (અ.સ.) પણ હતા. ઔન અને મોહમ્મદ (અ.સ.) કે જેઓ હજી કિશોરાવસ્થામાં હતા, તેઓ પણ હતા. મુસ્લિમ બીન અવસજાના ખુબજ નાના બાળક પણ હતા. લડાઈ થઈ, દિલેરોએ એક લાખ ત્રીસ હજારના લશ્કરની સામે ટક્કર લીધી. શયતાનની ફોજના સરદારોની બુઝદીલીના અફસાના દુર દુર જગતમાં ગૂંજી ઉઠયા. ખુદાના લશ્કરના દિલેરોની શહાદતથી માનવતાએ ઝુલ્મ અને સરમુખત્યારીના હાથ ભાંગી નાખ્યા. ત્રણ દિવસના ભૂખ્યા તરસ્યાની જંગ, હક અને બાતીલની દરમ્યાન એક નિર્ણાયક જંગ હતી. રસુલ (સ.અ.વ.)ના ફરઝન્દ ઈમામ હુસૈન (અ.સ.)ની સાથે હકના સિપાહીઓ એટલી ઓછી સંખ્યામાં હતા, તેમ છતાં પણ કોઈના પગ મૈદાનમાંથી ચલિત નથી થયા. બધા જ મકકમ હતા. કેવા કેવા બહાદુરો હકની રાહમાં શહીદ થયા. શાએરે સુંદર રીતે કહ્યું છે 'તહઝીબે લાશએ અસગરે નાદાન પે, નૌહા ગર ખુલ્કે અઝીમ ગોર સે મુંહ દેખતા હુઆ.' છેવટે જ્યારે ખાતુને જન્નતના લાલે, બાતીલના કાળા વાદળોની જેમ છવાએલી ફોજનો સામનો કર્યો ત્યારે અલ્લાહ તઆલાના પ્રતિનિધિની એ હાલત હતી કે તરસથી કાળજામાં તડો પડી ચૂકી હતી. આંખોની સામે દુનિયા ધુમાડા જેવી દેખાતી હતી.

બાતીલની ફોજ ઉપર ઝુલ્ફીકાર મોત બનીને વરસી અને આખરે ખુદાની રાહમાં સજદહમાં જઈને શહાદતનો જામ પીધો.

ખુદાવંદના જલાલની નિશાનીઓ પૈદા થવા લાગી. લાલ આંધી ફૂંકાવા લાગી. સૂરજને ગ્રહણ લાગી ગયું. દિવસ હજી આથમ્યો નહોતો છતાં આસમાનમાં તારાઓ દેખાવા લાગ્યા. રડવાના અવાજો આસમાનમાંથી આવવા લાગ્યા. દરીયાના મોજા ઉછળ્યા, પહાડોમાં તિરાડો પડવા લાગી. આસમાન લાલ થવા લાગ્યું. મલાએકાના દિલ ધ્રુજી ઉઠયા. પથ્થરો અને વૃક્ષો લોહીના આંસુઓથી રડયા.

આ દુનિયાને ખુદાવંદે મોતઆલ એ કેટલી સુંદરતા આપી હતી. માનવીઓએ શૈતાનના જોર ઉપર તેને એટલી ગમગીન બનાવી દીધી કે તેનો શ્વાસ રૂંધાવા લાગ્યો. તેની રોનક વિખરાઈ ગઇ. તેનું રંગ રૂપ વિરાન થઇ ગયું. પૃથ્વીની પાંસળીઓ તૂટી ગઈ. દુનિયા મૃતઃપાય દેખાવા લાગી. એવું લાગતું હતું કે આ ઝમીન અંતિમ શ્વાસ લઈ રહી છે. આ સૌથી નાઝુક સમયે આ બેચેન દુનિયામાં હુસૈન (અ.સ.)ની સબ્રનો પ્રકાશ રેલાયો. દુનિયાની ખુબસુરતી હુસૈન (અ.સ.)ના સબ્રનો પ્રકાશ લઈને પોતાના લોહીભીના પાલવની રંગીનીઓ સાથે બદલો લેવાની ભાવના લઈને નવજીવનનો સંદેશો આપવા લાગી. ફરી તેના ચહેરા ઉપર લાલાશ દેખાણી. જાણે કે આ દુનિયાએ ફરીથી જીવન મેળવી લીધું હોય..... સબ્ર. પછી હુસૈન (અ.સ.) ની સબ્રે બુદ્ધિ અને ડહાપણને અમલ કરવા માટે આહ્‌વાહન આપ્યું. ઈસ્લામની સચ્ચાઈએ ઈન્તેઝારના ઉસુલોના અમલીકરણ કરવાની પ્રેરણા આપી. ઇન્તેકામ વગર અલ્લાહનો ઈન્સાફ ઉતરી નથી શકતો. એટલે ખુને ઇ.હુસૈન અ.સ.ના ઈન્તેકામનો સમય નક્કી થાય, ત્યાં સુધી ઈન્તેઝાર જરૂરી હતો. ખુદાવંદે તઆલાનો અવાજ કુરઆનની આ આયતોમાં સંભળાયો.

*"ઈન્નલ્લાહ યુહયીલ્ અરઝ બઅ્દ મવ્તેહા"*

*"જ્યારે આ દુનિયા મૃત્યુ પામશે ત્યારે અલ્લાહ તેને નવજીવન આપશે."*

*ફરમાવ્યું 'જે બંદાઓને અમારી જમીન ઉપર કમજોર કરી દેવામાં આવ્યા છે અમે તેઓને અમારા વારસદાર બનાવશું.'*

ઈન્તેકામ અને ઈન્તેઝારના ઇલાહી અવાજે બાતીલ પરસ્તોનું ખુન ફરી ઠંડુ કરી દીધું છે. હવે અલ્લાહના કમજોર બંદાઓ ઈન્તેઝાર અને ઈન્તેકામના સહારે દુનિયાને જીતનાર અન્વયે દુનિયાની ખુબસુરતીમાં રંગો ભરી રહ્યા છે. અલ્લાહના આ આયોજનના અમલીકરણની વ્યવસ્થા હુસૈન (અ.સ.)ના ફરઝન્દ બકીયતુલ્લાહિલ અઅઝમ, જનાબે ઝહરા (સ.અ.)ના દિલની ઠંડક, ગદીરે ખુમમાં જેમની વિલાયતનું એલાન ખાતેમુલ મુરસલીન (સ.અ.વ.) એ કર્યુ હતું અને જે હિ.સ. ૨૫૫ માં દુનિયાની ખુબસુરતી અને શણગાર બનીને

પૈદા થયા હતા... તેમના નિયંત્રણમાં છે. આપ એ છે કે જેણે જ્યારથી પોતાના મુબારક કદમ જમીન ઉપર મુક્યા, એવું લાગે છે કે જાણે ઈન્તેઝારની માળાઓમાં ઉમેદના મોતી પરોવાઈ રહ્યા છે. મોઅમીનો અને નેક બંદાઓના દીલોની વસ્તીમાં તૌફીકોની નવી વસંત ઉત્સવ મનાવી રહી છે. ઉદાસ ચહેરાઓ લાલ બની રહ્યા છે. અમલના ઉત્સાહે તૌફીકોનો સહારો લીધો. અલ્લાહના માર્ગ ઉપર ચાલનારાઓની અડચણો દૂર થવા લાગી. પાનખરના બગીચાને તો નાશ પામવાનું જ હતું અને તે થઈ રહ્યું છે. ખૂન ચુસતી શયતાની તાકતોનું પૂર તેના તમામ નગ્ન સ્વરૂપોની સાથે પશ્ચિમ તરફ રૂખ કરી ચુક્યું છે. સંસ્કૃતિના ઠેકેદારોમાં કેવી કેવી માનવતાને બાળી નાખતી, જાનવરને મારી નાખતી, જંગલીયતના લીબાસ પહેરેલી વાસના ભરી ખબરો પશ્ચિમના દેશોમાંથી આવી રહી છે. ક્યાંક ઠંડી જમીને વસ્ત્રહીન કબીલાના સ્ત્રી / પુરૂષો જોઈને કલ્પાંત કર્યુ છે, તો ક્યાંક આ ઘનઘોર અને ત્રાસજનક દ્રષ્યોથી દુનિયામાં રહેતા બુધ્ધિજીવી લોકો ભયભીત થઈ રહ્યા છે કે શૈતાને આપેલી અદાલતની ઉંચી ખુરશી ઉપર બેસનારાઓએ પુરૂષની સાથે પુરૂષના લગ્નને કાયદેસરના ગણાવ્યા છે અને ક્યાંક મર્દો મા બનવા માટે હોસ્પીટલમાં ભરતી થઈ રહ્યા છે અને હવે આ પશ્ચિમ અને વિજ્ઞાનની દુનિયા પૂર્વના દેશો ઉપર આગ વરસાવવા માટે તૈયાર છે.

જ્યારે બીજી તરફ કોઇ પાક ક્ષેત્રની જમીન ઉપરથી અવાજ આવી રહ્યો છે. કોઈ પોકાર કરનાર સાદ પાડી રહ્યો છે. અલ્લાહ તઆલાના નેક બંદાઓ ગભરાશો નહિ. દિલ ઉપર કાબુ રાખશો. દીમાગ, વિચાર અને સમજણને ઇસ્લામી કસોટી પર પારખતા રહેજો. આ પોકાર કરનાર 'હુસૈની સબ્ર' છે. તે ખબરદાર અને સાવધ કરી રહ્યો છે કે અલ્લાહ તઆલા પોતાના તે વાયદાને પૂરો કરશે. ગુનાહોની રાતનો અંધકાર વિખરાઈ રહ્યો છે. પ્રભાત તેની સંપૂર્ણ સુંદરતા સાથે ઉદય થવાનું છે. અલ્લાહ તઆલાના તે બંદાઓ જેઓને આ દુનિયામાં કમઝોર કરી દેવામાં આવ્યા હતા, એ જ આ દુનિયાના વારસદાર હશે અને તેઓના સરદાર ખુને હુસૈનનો બદલો લેવા માટે ગૈબના પરદામાંથી જાહેર થવાના છે. દુનિયા જ્યારે ઝુલ્મ અને અત્યાચારથી ભરાઈ ચૂકી હશે તે તેને એવી જ રીતે ન્યાય અને ઈન્સાફથી ભરી દેશે. તે સમયે કુરઆનની આ આયતનું અર્થ ઘટન સમજાશે.

*''ઇન્નલ્લાહ યુહયીલ્ અરઝ બઅ્દ મવ્તેહા''*

જમીન ઝુલ્મ અને અત્યાચારથી લગભગ ભરાઈ ચૂકી છે, બસ ખુદાના હુકમનો ઈન્તેઝાર છે અને કાએમ (અ.સ.) નો ઝુહુર ઘણો નઝદીક છે.

જ્યારે દુનિયાના અસ્તિત્વને ટકાવી રાખતો ચહેરો જાહેર થશે ત્યારે આ દુનિયા ફરી એવીજ રીતે હસીન અને ખુબસુરત બની જશે. બલ્કે પહેલાથી પણ અનેક ગણી વધુ રોનકથી ભરપૂર, સૌંદર્યથી ભરપૂર અને વાતાવરણમય હશે. આ દુનિયા મહેકી ઉઠશે. મોઅમીનોના દિલ તેઓના સર્જનહાર તરફ લહેરી ઉઠશે. કાશ! તે ખુબસુરત અને સુંદર દુનિયાના દ્રષ્યને આપણે પણ જોઈ શકતે. જ્યારે યુસુફે ઝહરા (અ.સ.) આ દુનિયાને કુદરતી હુસ્ન અને જમાલથી નવાઝશે. તેમના પગરવના અવાજથી નગ્મે ઇલાહીની લય ઉઠશે. તેમના પાલવની ખુશ્બુથી પર્વતોમાંથી દુરૂદ અને સલામના સંદેશાઓ આવશે. શું શું થશે, કેવા કેવા પાકીઝા નફસોનું આગમન થશે. કેવી કુરઆનની તિલાવત! દરેક ઈન્સાન તો ઈન્સાન પશુ પક્ષીઓ પણ એકાગ્રતાથી સાંભળશે. અસ્કરીના લાલના પગલાંથી દરીયાઓની લહેરો ગુંજશે. શકય છે કે દરિયાની લહરોથી વાતાવરણમાં અલ્લાહની પ્રશંસા અને વખાણ બુલંદ થાય. ટુંકમાં, તે સમયે આ દુનિયા કેવી સારી અને સુંદર હશે તેની કલ્પના કરવી તે માનવીની શકિત મર્યાદાની બહાર છે. બસ એટલું જરૂર છે કે એક મજબુર ઈન્સાન કહી શકે છે, ''જ્યારે આ દુનિયા એટલી સુંદર થઈ જશે, જે માનવ બુદ્ધિથી અને કલ્પના શકિતથી ખૂબ જ દૂર છે, તો તે કેવા હશે જેના પાકીઝા અસ્તિત્વના પાયા ઉપર આ દુનિયાને આ ખુબસુરતી અને સુંદરતા મળશે!

*''અય અલ્લાહ તબારક વ તઆલા! મારી આંખોમાંથી નીકળેલા આંસુઓમાંથી એક ટીપાને સ્વિકારીને મને તે સર્જનની એક ઝલકથી નવાઝી દે.''*

સલામ થાય તેની ઉપર જે અલ્લાહ તઆલાના સર્જન ઉપર તેની તરફથી હુજ્જત છે અને આજે પણ સમગ્ર સૃષ્ટિની વસ્તી ઉપર અને તેના બંદાઓ ઉપર અલ્લાહ તઆલાએ તેમને પોતાના વલી બનાવ્યા છે.

* * * * *

### પાના નં. ૧૩ થી શરૂ .......

મકતબો ઉપર વર્ચસ્વ ધરાવશે. શૈતાન અને તેના સાથીઓની લાખો વર્ષોની મહેનત ખાકમાં મળી જશે. શૈતાનની બધી યોજનાઓ નિષ્ફળ જશે, હકનો વિજય થશે. ગદીરી ઈસ્લામનો અલમ લહેરાશે અને શૈતાનને મારી નાખવામાં આવશે. ત્યારે લોકોને ખાત્રી થશે કે ખુદાનો વાયદો સાચો છે.

જો કે ગયબતે સુગરાના ઝમાનામાં ઈમામે ઝમાના (અ.સ.)ના ઘણા વકીલો હતા. પરંતુ ચાર વ્યકિતઓને ખાસ વકીલાત અને નયાબત(પ્રતિનિધિત્વ) પ્રાપ્ત હતુ. આ હઝરતો ઈમામે ઝમાના(અ.સ.)ના સૌથી વધુ વિશ્વાસુ, ભરોસાપાત્ર, ખાત્રી ધરાવનારા હતા. આ ચારે પ્રતિનિધિઓ 'નુવ્વાબે અરબા' (ચાર નાએબો)ના નામથી પ્રચલિત છે.

ચોથા નાએબ જનાબ અલી બીન મોહમ્મદ સૈમુરીના મૃત્યુ પછી ગયબતે કુબરાની શરૂઆત થઇ, ગયબતે કુબરામાં ઇમામે ઝમાના અ.સ.ના ખાસ કોઇ નાએબ નથી, પરંતુ ઈમામે ઝમાના(અ.સ.) એ આ જવાબદારી મકતબે એહલેબૈત(અ.સ.)ના ફકીહો અને મુજતહેદોને સોંપી છે. તેથી આ સમયગાળા દરમ્યાન ફકીહો અને મુજતહેદોને માન આપવું તે આપણા સૌની જવાબદારી છે.

ખુદા આપણને સૌને ઈમામે ઝમાના(અ.સ.)ની ખુલુસતાથી સૌથી વધુ ખિદમત કરવાની તૌફીક આપે. આમીન.

ખુદાવંદે આલમ મોહમ્મદ અને આલે મોહમ્મદ(અ.મુ.સ.) ઉપર તેની ભવ્યતાઓ અને વિશાળ રહમતો મુજબ ભરપૂર દુરૂદ અને સલામ ઉતારે અને આપણા સૌની મોહમ્મદ અને આલે મોહમ્મદ(અ.મુ.સ.)ના ગુલામોના ગુલામોમાં ગણના કરે.

આપણને સૌને એ ખુશનસીબી આપે કે આપણે ઈમામે ઝમાના(અ.સ.)ના પુર નુર ઝુહુર માટે પૂર્વ ભૂમિકા બાંધી શકીએ અને તેમના નિખાલસ સાથીદારો અને બલિદાન આપનારાઓમાં આપણો સમાવેશ થાય. આમીન યા રબ્બલ આલમીન.

* * * * *

### પાના નં. ૧૭ થી શરૂ .......

પોતાની શાન માટે ઉણપ સમજે છે. જ્યારે હકીકત એ છે કે આપણને હુકમ આપવામાં આવ્યો છે કે જ્યારે પણ સલવાત મોકલો, બુલંદ અવાજે મોકલો કારણકે તેનાથી દિલમાંથી નિફાકનો નાશ થાય છે.

(કાફી, ભા. ૨, પા. ૪૯૩)

ઝિયારતના આ વાકયમાં શબ્દ તય્યેબીન અને તાહેરીન પણ વાપરવામાં આવ્યો છે. એટલે કે એહલેબૈત(અ.મુ.સ.)ની તહારતની વાત થઈ રહી છે. એહલેબૈતે નબી(સ.અ.વ.)એ પવિત્ર હસ્તીઓ છે, જે પોતાના નુરાની અસ્તિત્વથી પાક અને પાકીઝા છે. આ એ હકીકત છે કે જેનુ એલાન આયએ તત્હીર (સુરા. અહઝાબ, આ. ૩૩) માં થયુ. એહલેબૈત(અ.મુ.સ.) ન માત્ર ખુદ પાક અને પાકીઝા છે, પરંતુ આપ હઝરાત તહારત અને પાકીઝગીના સ્ત્રોત છે. તેથી આ બદગુમાની કે તેઓ આયએ તત્હીર ઉતર્યા પછી પાક થયા, તે બિલ્કુલ એ રીતે છે કે મુસલમાનો એમ અકીદો રાખે કે અલ્લાહ તકબીર પછી મહાન થાય છે. તેથી આ પ્રકારના વિરોધો ન ફક્ત પાયા વગરના છે, બલ્કે તેમાં પક્ષપાતની ગંધ આવી રહી છે.

અલ્લાહ તબારક વ તઆલા આપણને સૌને આ વર્ણવેલ ઝિયારતથી દુનિયાની અને રૂહાની ફાયદો મેળવવાની ખુશનસીબી અને તૌફીક આપે અને આપણી ગણતરી હુજ્જતે ખુદા, ફરઝન્દે ઝહરા(સ.અ.)ના ગુલામો અને મદદગારોમાં કરે. આમીન

# યા સાહેબઝઝમાન

(રિયાઝ હાશિમ રિયાઝ)

અય સય્યદાકે નુરે નઝર આપ પર સલામ
અય મુરતઝાકે લખ્તે જીગર આપ પર સલામ
અય શાહે ઈન્નમાકે પીસર આપ પર સલામ
અય વજહે આબરૂએ બશર આપ પર સલામ...
યા સાહેબઝઝમાન

અય દીને કિબ્રીયાકે લીએ મઝદએ બહાર
અય કલ્બે મુસ્તફાકે લીયે દોલતે કરાર
અય ઈન્તેકામે સિબ્તે પયમ્બરકે ઝીમ્મેદાર
અબ તો ગીલાફે સબ્રસે બાહર હો ઝુલ્ફીકાર...
યા સાહેબઝઝમાન

અય ફખ્રે અમ્બીયાકે દુલારે મદદ કરો
અય મુરતઝાકી આંખો કે તારે મદદ કરો
અય ફાતેમાકે દિલકે સહારે મદદ કરો
ખલ્લાકે કાએનાતકે પ્યારે મદદ કરો...
યા સાહેબઝઝમાન

હયદર કા વાસ્તા તુમ્હે અહમદકા વાસ્તા
મૌલા તુમ્હે તુમ્હારે અબો જદ કા વાસ્તા
હમ સુરતે જનાબે મોહમ્મદકા વાસ્તા
બિન્તે રસુલે પાક કે મરકદકા વાસ્તા....
યા સાહેબઝઝમાન

સદકા હસનકા અઝરહે લુત્ફો અતા મિલે
હમકો હિમાયતે શહે કરબોબલા મિલે
હર હર કદમ પે નુસરતે ઝયનુલ અબા મિલે
ઔર સરપે ઝિલ્લે સાદિકે આલે અબા મિલે...
યા સાહેબઝઝમાન

મૌલા તુમ્હે રસુલકી ઈતરતકા વાસ્તા
દેતા હું અહલેબૈતકી ઈઝઝતકા વાસ્તા
મુસા કે સબ્રો ઝબ્તકી તાકતકા વાસ્તા
ઔર હઝરતે રેઝાકી કરામતકા વાસ્તા....
યા સાહેબઝઝમાન

હલ મુશ્કિલે હો બહરે તકી વ નકી મેરી
મહસુર કશ્મકશમેં હય અબ ઝીન્દગી મેરી
સુન લીજીયે બરાએ હસન અસ્કરી મેરી
દમ તોડ દે ન મૌલા કહીં આસ ભી મેરી...
યા સાહેબઝઝમાન

મૌલા તુમ્હે રબાબકી દુખ્તરકા વાસ્તા
બલ્વેમેં જો ખુલા રહા ઉસ સરકા વાસ્તા
દેતા હું તુમકો સીનએ અકબરકા વાસ્તા
શિશમાહે બે ઝબાં અલી અસગરકા વાસ્તા....
યા સાહેબઝઝમાન

અબ્બાસકે કટે હુએ શાનોંકા વાસ્તા
ઝયનબકે દોનોં લાલકી જાનોંકા વાસ્તા
બચ્ચોંકી તુમ્કો ખુશ્ક ઝબાનોંકા વાસ્તા
તુમકો અલી કે સારે જવાનોકા વાસ્તા...
યા સાહેબઝઝમાન

મૌલા તુમ્હેં હસનકી નિશાનીકા વાસ્તા
હમ શકલે મુસ્તફા કી જવાનીકા વાસ્તા
અહલે હરમકી તશ્ના દહાનીકા વાસ્તા
બિન્તે અલીકી મરસીયા ખ્વાનીકા વાસ્તા....
યા સાહેબઝઝમાન

અલ્લાહ અબ તો પરદએ ગયબત ઉઠાહી દો
મહબુબે કિરદેગારકા જલ્વા દિખા હી દો
સર સે ઘટાએ ઝુલ્મ વ સીતમ કી હટા ભી દો
સાહિલ પે અબ રિયાઝકી કશ્તી લગા ભી દો...
યા સાહેબઝઝમાન

પાના નંબર ૧ પરથી ચાલુ.....

છું કે મને ઓળખવામાં આવે.'' તેથી હ. આદમ (અ.સ.) ને પૈદા કર્યા. મલાએકા એ કહ્યું કે બની આદમ આ દુનિયામાં ફસાદ અને ખુના મરકી કરશે. 'માલિક તું ઈન્સાનને તારો ખલીફા બનાવીને આ સુંદર દુનિયામાં મોકલી રહ્યો છે ?' કુદરતનો અવાજ આવ્યો : 'જે હું જાણું છું તે તમે નથી જાણતા'. ફરિશ્તાઓએ ખુદાના હુકમ પર અમલ કર્યો. આદમ (અ.સ.) ની સામે સજદહમાં સર ઝુકાવ્યું. શૈતાને બગાવત કરી પોતાની ઉચ્ચતાના નશામાં ઔલાદે આદમને બહેકાવવાનો દાવો કર્યો. અલ્લાહ તઆલા પાસે પોતાની ઈબાદત અને બંદગીના બદલામાં મોહલત માંગી. આદિલ ખુદાએ એમ કહીને એક મુદ્દતની મોહલત આપી. 'જા તું મારા ખાસ બંદાઓને કયારેય પણ બહેકાવી નહિ શકે.'

શૈતાનોના ટારગેટ (લક્ષ્યાંક) પૂર્વથી લઈને પશ્ચિમ સુધી દરેક જગ્યાએ છવાઈ ગયા. આદમની ઔલાદ બહેકવા લાગી. ખુન ચૂસતી લડાઈઓથી માનવીનું લોહી પાણીથી પણ વધુ સસ્તું થઈ ગયું.

શૈતાને એક પછી એક ઝમાનામાં ખુદા હોવાના દાવેદારો ઉભા કરી દીધા. અલ્લાહે પોતાના તરફથી ઈન્સાનોની હિદાયત માટે નબીઓનો સીલસીલો સ્થાપિત કર્યો. જેમના થકી ઈન્સાનોને હિદાયતની રોશની અર્પણ કરી.

શૈતાને પોતાની પુરી તાકત કામે લગાડી દીધી કે જેથી અલ્લાહના નેક બંદાઓને બહેકાવે, તેઓને ગુમરાહ કરી નાખે. કયારેક સલ્તનત અને સત્તાની લાલચ આપી, કયારેક વિષય વાસનાઓને ભડકાવવા ચાહ્યું, કયારેક જમીન અને સંપત્તિ તરફ આકર્ષવા માટે કોશીશ કરી. પછી જ્યારે ચારે તરફથી હારી ગયો ત્યારે પોતાના સાગરિતો તૈયાર કરી તેઓની ઉપર ઝુલ્મ અને અત્યાચાર કરવા માટેનો તખ્તો તૈયાર કર્યો. નેક બંદાના ખૂનથી દુનિયાને એટલી નવરાવી કે દુનિયાના કણ કણ ઈન્સાનની ઝિંદગી પર પડેલી આફતો ઉપર ચોધાર આસુંઓ રડ્યા.

કયારેક નમરૂદની આગે હ. ઈબ્રાહીમ (અ.સ.) ઉપર ઠંડી થઈને આપની નબુવ્વતની સાક્ષી પૂરી તો કયારેક નીલ નદી એ હ. મુસા (અ.સ.)ને રસ્તો આપીને અલ્લાહના નબીને ફીરઓનથી મુકિત અપાવી. કયારેક હ. ઈસા (અ.સ.)ને યહુદીઓથી બચાવી આસ્માનોની મંઝીલ અર્પણ કરી. સિલસિલો ચાલુ રહ્યો એટલે સુધી કે ઝુલ્મ અને અત્યાચાર એક સાથે સમેટાઈને શામની હુકુમતમાં આવી ગયો અને યઝીદ બનીને ઉભરી આવ્યો તો બીજી તરફ જ્યારે આ બાજુએ ઈસ્લામના ફરઝન્દ ખુદાના દીનના મદદગાર, તેના વફાદાર અને નેક સાથીદારોની સાથે તમામ નબીઓનો વારસો લઈને સામે આવ્યા. મદીનાની ખબરે શામના મોઢા ઉપર તમાચાનું કામ કર્યુ. જેનાથી યઝીદ બેબાકળો બની ગયો. કરબલા અસ્તિત્વમાં આવી. તેનો નકશો ઈતિહાસના મોટા કેનવાસ ઉપર ઉપસી આવ્યો. બોંતેરનો સામનો કરવા માટે એક લાખ ત્રીસ હજારનું લશ્કર આવ્યું. આ અલ્લાહ તઆલાની સંપૂર્ણ કુદરતોની નિશાનીઓમાંથી એક એવી નિશાની છે જેનું નુર બન્ને પૂર્વ અને પશ્ચિમ એટલે કે દરેક તરફ ઝળહળી રહ્યું છે. અર્થાત દરેક

અનુસંધાન પાના નં. ૨૫ પર